# B.P. College of Business Administration (BBA)

# In the Eyes of Media

# BBA – Gandhinagar

in Academic Year 2021-22

# બીબીએ કૉલેજ દ્વારા અલ્યૂમિની મીટનું આયોજન





ગાંધીનગર, તા.૧૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્ષનો કાર્યક્રમ સોરઠ કાઠિયાવાડી ઝાયકો રેસ્ટોરન્ટ ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં ૨૫૦ જેટલા ભૂતપુર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યકર્મની શરૂઆત કૉલેજનાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ ઉપસ્થિત તમામ ભૂતપુર્વ વિદ્યાર્થીઓ નું સ્વાગત કરી તેઓએ યૂનિવર્સિટી,ટ્રસ્ટ અને કૉલેજવતી સૌનું સ્વાગત કર્યુ હતુ. તેઓએ પાસંગિક સંબોધનમાં પૂર્વ વિદ્યાર્થીઓને કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ કૉલેજની સ્થાપનાથી લઈ આજ સુધીની સીદ્ધીઓ વિષે વાકેફ કર્યા હતા તેમજ પ્રધાનમંત્રીશ્રી દ્વારા સર્વ વિદ્યાલય અને પૂજ્ય છગનભાનું શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાનને યાદ કરવા બદલ સંસ્થાના શ્રેષ્ઠિઓ તેમજ ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. વધુમાં તેઓ એ જણાવ્યુ હતુ કે ગુજરાતની એક માત્ર કૉલેજ છે. જે ૨૦ વર્ષ પહેલા ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ સાથે આટલા મોટા પ્રમાણમાં સંપર્કમાં છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં વિકાસમાં પણ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનો સિંહ ફાળો છે. તેમજ યૂનિવર્સિટીની સીદ્ધીઓ વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો.જેમા યુનીવર્સીટી દ્વારા અધ્યાપક ગણ તેમજ વિદ્યાર્થીઓ ને બ્રિટન ખાતે તાલીમ માટે મોકલવા માં આવ્યા હતા.જે આપણા માટે ગૌરવ ની બાબત કહી શકાય. તેમણે ભૂતપુર્વ વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી ને સફળ બનાવવામાં કૉલેજ હંમેશા મદદરૂપ થશે તેમ જણાવ્યું હતુ. તેમજ કોલેજ દ્વારા કોરોના ના કપરા કાળમાં પણ પ્લેસમેંટ નું આયોજન કરી અનેક વિદ્યાર્થીઓ ને પ્લેસમેંટ અપાવ્યું હતું. કૉલેજનાં ઉપાચાર્ય અને ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટી ના હેડ ડૉ.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને કૉલેજ દ્વારા વર્ષ દરમ્યાન ચાલતી પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો. કૉલેજનાં સ્થાપના વર્ષ ૧૯૯૯ થી લઈ અને ગત વર્ષે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભૂતપુર્વ વિદ્યાર્થીઅ
સ્વાગત માટે બીબીએ
વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃ
કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો
જેને તમામ લોકોએ
બિરદાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમને સ
બનાવવા કૉલેજ તરફથી આ
ડૉ.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદ
હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રે
કમિટીના હેડ તેમજ કાર્યક
સંયોજક ડૉ.જયેશ તન્ના તે
સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા
પ્રયત્નો કરવામાં આવ્યા હતા

# કડી વિશ્વ વિદ્યાલયની બીબીએ કૉલેજનો યુથ પાર્લામેન્ટમાં ઉત્કૃષ્ઠ દેખાવ...

**સાયન્સ ફોર સોસાયટી મુદ્દાને અનુલક્ષીને સાયન્સ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા ફળદ્રુપ ચર્ચા : પ્રશ્નકાળમાં વિદ્યાર્થીઓએ સુંદર પ્રશ્નોત્તરી કરી : રાષ્ટ્રના વિકાસમાં સાયન્સ તેમજ સાયન્સસિટીનું યોગદાન પ્રસ્તાવ પસાર**



ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર ની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ ને લોકશાહી પરંપરા તેમજ વૈધાનિક બાબતો ને શીખવવા નો અનોખો પ્રયોગ. કોલેજ વિદ્યાર્થીઓ માટે અવનવા તેમના અભ્યાસની સાથેસાથે પ્રાયોગિક કાર્યક્રમ થી અભ્યાસક્રમ ને રસપ્રદ બનાવવા નો હંમેશા પ્રયત્ન કરે છે. જેના ભાગરૂપે આજે કોલેજ ના કુલ ૯૯ વિદ્યાર્થીઓ એ ડો. સી.વી.રમણ ની જન્મજયંતી નિમિત્તે આયોજિત સાયન્સ યૂથ પાર્લામેન્ટ માં ભાગ લીધો હતો.તમામ વિદ્યાર્થીઓએ આ પાર્લામેન્ટ માં ફકત ભાગ નહોતો લીધો પણ તેને જીવંત બનાવી દીધી હતી. બીબીએ કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી હતી. તેમજ ડો. જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન બાબતે માર્ગદર્શિત કર્યા હતા.વિદ્યાર્થીઓને ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને યૂથ પાર્લામેન્ટ ના સમગ્ર સત્ર દરમ્યાન સાયન્સ સમાજ માટે કઈરીતે ઉપયોગી થાય તે બાબતો ને વધુ માં વધુ જાણવા માટે અનુરોધ કર્યો હતો. અને દરેક નાગરિક સાયન્સ સાથે જોડાય તેમજ તેના વિવિધ બેઝિકપ્રયોગો બાબતે જાગૃત થવા શીખ આપી હતી.અંધશ્રદ્ધા દૂર કરવામાં સાયન્સ કઈરીતે ઉપયોગી થાય.તેમજ આ બાબતે સાયન્સના પ્રયોગોનો ઉપયોગ કરી લોકોને ઠગતા લેભાગુ લોકોથી ચેતવા બાબતે રસપ્રદ ચર્ચા કરવામાં આવી હતી.તેમજ સાયન્સ સિટી નો હેતુ વ્યાવસાયિક હોવો જોઈએ કે નહીં.બેઝિકસાયન્સ કેરિયર માટે વિદ્યાર્થીઓને કઈરીતે ઉપયોગી થાય,ન્યુક્લિયર સાયન્સ,સ્પેસ સાયન્સ,સાયન્સસિટી માં કોમર્શિયલ મૂવી બતાવવા જોઈએ કે નહી, બિન પરંપરાગત ઉર્જાનો લોકકલ્યાણ માટે કઈરીતે ઉપયોગી થઈ શકે.અંતરિક્ષ પ્રદૂષણ બાબતે પણ યુવાસંસદ માં ખૂબ સુંદર ચર્ચાઓ અને રજૂઆત કરવામાં આવી હતી.,આપત્તિ વ્યવસ્થાપન માં સાયન્સની ભૂમિકા જેવી અનેક ચર્ચાઓ કરવામાં આવી હતી.ફકત અધિકારો ની વાતો કરવા થી પરિવર્તન ન આવી શકે પણ પોતાની ફરજો બાબતે સભાન થઈ સમાજ પ્રત્યે નું ઋણ અદા કરવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાય આપતા જણાવ્યું કે કોલેજ ના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા માં આવ્યા હતા. દ્વિતીય વર્ષના વિદ્યાર્થી માહી પીપળીયા દ્વારા અધ્યક્ષ ની ભૂમિકા ભજવવા માં આવી હતી. પ્રધાનમંત્રી ની ભૂમિકા આદિત્યસિંહ જાડેજા અને ઉપપ્રધાનમંત્રી ની ભૂમિકા માં સાગર પ્રધનાની ,નેતાવિપક્ષ તરીકે ગ્રીષ્મા મેઅર જ્યારે હાતીમ રમકડાં ઉપાધ્યક્ષ તરીકે અને નીરજ ખુબચંદાણી દ્વારા વિપક્ષ ના ઉપનેતા ની ભૂમિકા ભજવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના ધર્મેન્દ્રસિંહ રાઠોડ, પ્રો.આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવા માં આવી હતી.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ ઓનલાઈન ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ ક્ષેત્રે મહત્વપૂર્ણ પદ પર કાર્યરત રહી પોતાની સેવા આપી રહ્યા છે. કોલેજના દ્વિતીય વર્ષના ૨૩૦ વિદ્યાર્થીઓએ ઔદ્યોગિક કંપનીની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ સમગ્ર મુલાકાત દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. અને કંપનીના પ્રતિનિધિ યોગેન્દ્ર સાઈની (ઓપરેશન અને એચઆર હેડ)ને આવકાર્યા હતા. ડૉ. જયેશ તન્ના (ઉપાચાર્ય) દ્વારા કંપનીના



પ્રતિનિધિનો પરિચય આપ્યો હતો. ક્રિએટીવ ફોર્જ પ્રા. લિમિટેડ એ પ્રાઈવેટ લિમિટેડ કંપની છે. જેની વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન મુલાકાત કરાવી હતી. આ કંપનીમાંથી કૃષિ સાધનો, રીક ડ્રિલિંગ, હાર્ડવેર વગેરે ઉત્પાદન થાય છે. સમગ્ર મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રીનું જ્ઞાન મેળવ્યું હતું. કોલેજ દ્વારા આયોજીત આ વિઝિટ વિદ્યાર્થીઓમાં ધંધો તેમજ ધંધાના સંચાલનનું કૌશલ્ય શીખે છે. વિદ્યાર્થીઓએ કંપની તેમજ તેના સંચાલકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમ ડૉ. રમાકાન્ત પૃષ્ટિ (આચાર્ય)નાં માર્ગદર્શન હેઠળ અને કોલેજ પરિવાર દ્વારા સફળ બન્યો હતો.

# કડી બીબીએ કોલેજ એનએસએસ યુનિટના વિદ્યાર્થીઓ બે દિવસીય યોગ તાલીમ શિબિરમાં જોડાયા




ગાંધીનગર, તા.૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ)નાં ૧૦૦ વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક યોગ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ શિશુપાલજી પણ સમગ્ર કાર્યક્રમ માં ઉપસ્થિત રહી તમામ નગરજનોનું માર્ગદર્શન કર્યું હતું. યોગ જાગૃતિ નગર યાત્રાને ગાંધીનગર દક્ષિણ મત વિસ્તારના ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. યોગ ટ્રેનર નીલાબેન તન્ના તેમજ ભાવનબેન દ્વારા સમગ્ર કાર્યક્રમ બાબતે કોલેજને સહયોગ આપવામાં આવ્યો હતો. ડો.રમાકાંત પૃષ્ટિએ પણ ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. હાલ દુનિયાનાં ૧૯૦ જેટલા દેશમાં યોગ દિવસની ઉજવણી થવા જઈ રહી છે. જેમાં પશ્ચિમનાં રાષ્ટ્રો તેમજ ખાડીનાં દેશોનો સમાવેશ પણ થાય છે. ભારતીય સંસ્કૃતિનાં સ્તંભ સમી યોગ, આર્યુવેદ તેમજ અન્ય પ્રણાલિકાઓને જીવંત રાખી સમગ્ર વિશ્વમાં સમાજ કલ્યાણ માટે ફેલાવવાની આવશ્યકતા છે. જેના અનુસંધાને શૈક્ષણિક સંસ્થા તરીકે બીબીએ કોલેજ ખાતે ડો. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને યોગ માર્ગદશન આપવામાં આવ્યું હતું.

# ગુજરાત સ્થાપના દિવસની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના NSS યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા ઉજવણી

## સાથે સાથે વિશ્વ લેબર દિવસની પણ ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન(બીબીએ) ના વિદ્યાર્થીઓ દ્વારા વેકેશન દરમ્યાન ગુજરાત રાજ્ય ના સ્થાપના દિવસ ની ઉજવણી કરી હતી અને મહારાષ્ટ્ર દિવસની પણ શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તેમજ પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટિનાં હેડ ડો.જયેશ તન્ના પસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી એ વિદ્યાર્થીઓ ને તેમના પ્રેરક ઉદબોધન માં ગુજરાત એક સફળ અર્થતંત્ર કેમ બની શક્યું છે. તેના પર વિશેષ ભાર મુક્યો હતો. તેમજ ગુજરાત ના આર્થિક વિકાસ દર ની અન્ય રાજ્યો સાથે સરખામણી અને ગુજરાતના અનેક હકારાત્મક પાસાઓની છણાવટ કરી હતી.




તેમજ સાંપ્રત સમયમાં અર્થતંત્ર ની સામે ના પડકારો બાબતે ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને પણ આ વિકસિત રાજ્યની ઉત્તરોત્તર પ્રગતિની યાત્રામાં ઉત્સાહપૂર્વક જોડવા ઈજન આપ્યું હતું. ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાતી વિશ્વમાં જ્યાં પણ હોય બેસ્ટ મેનેજમેન્ટ કરી શકે છે તેની વિસ્તૃત માહિતી આપી હતી. ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા દ્વારા ગુજરાત ના સ્થાપના થી લઈ સાંપ્રત સમય સુધી ની રાજકીય સફર બાબતે રસપ્રદ છણાવટ કરી હતી. વિદ્યાર્થીઓએ આજના દિવસે ગુજરાત ની સ્થાપના માટે બલિદાન આપનાર નામી અનામી સૌ પ્રત્યે કૃતજ્ઞતા નો ભાવ વ્યક્ત કર્યો હતો અને ગાંધીજી, સરદાર સાહેબ, રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક સહીત વિવિધ ક્ષેત્ર ના બેસ્ટ ગુજરાતીઓ ને યાદ કર્યા હતા. સાથે સાથે મજૂર દિવસ ના ઈતિહાસ ની પણ છણાવટ કરી હતી.વિદ્યાર્થીઓને આજના દિવસે મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપના દિવસ તેમજ વિશ્વ શ્રમ દિવસ બાબતે પણ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ઉપાચાર્ય ડો.જયેશ તન્નાના માર્ગદર્શન હેઠળ ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

## બીબીએ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા બાબા સાહેબની જીવન ઝરમર પર ચર્ચા

ગાંધીનગર, તા.૧૯

કડી સર્વવિદ્યા વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) એનએસએસ યુનિટ દ્વારા ભારતરત્ન એવા આંબેડકરજી ના જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ તેઓ ના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે માટે કોલેજ દ્વારા ઉપરોકત કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ તરફથી ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન બાબતે સંકલન કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજ ના આચાર્ય ડો. રમાકાંત પુષ્ટિ દ્વારા કાર્યક્રમ બાબતે માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. એનએસએસના વોલીયંટર્સ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમજ ભારતના આવા મહાપુરુષો ને સમજી તેમના કર્યો, અનુભવો અને સંઘર્ષ માંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમજ ભવિષ્ય ના એનએસએસ યુનિટ ની વિવિધ પ્રવૃતિ માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. તેમજ તેઓને ઉપયોગી સુચનો આપવા પણ જણાવ્યું હતું.

કોલેજ તરફથી આચાર્ય ડો. રમાકાંત પુષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય તેમજ ઉપાચાર્ય અને પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને સમગ્ર કોલેજ પરિવારના સહયોગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો હતો.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા મહાવીર જયંતિ નિમિત્તે અહિંસા અને ભગવાને આપેલ પાંચ વ્રત પર ચર્ચા

ગાંધીનગર, તા.૧૮

કડી સર્વવિદ્યા વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) એસએસએસ યુનિટ દ્વારા જૈન ધર્મના ૨૪માં તીર્થંકર મહાવીરસ્વામી અહિંસાના મૂર્તિમાન પ્રતિક હતાં તેમનું જીવન ત્યાગ અને તપસ્યાથી સમગ્ર સંસાર માટે શાંતિ નું આહવાન કરવા પ્રેરણા આપી રહ્યું છે ત્યારે તેઓના જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ તેઓ ના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે આવા ઉમદા હેતુથી કોલેજ દ્વારા ઉપરોક્ત કાર્યક્રમનું ઓનલાઈન આયોજન થયું હતું. કોલેજ તરફથી ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન બાબતે સંકલન કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજના આચાર્ય ડો.રમાકાંત પુષ્ટિ દ્વારા કાર્યક્રમ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા તેઓના જીવન બાબતે કેટલીક છણાવટ કરી વિદ્યાર્થીઓને મહાવીર સ્વામીના જીવનમાંથી અહિંસા અને ત્યાગ નું મહત્વ અને કર્મ ના સિદ્ધાંત મુજબ જીવન જીવવાની પ્રેરણા લેવા જણાવ્યુ હતું.

અભ્યાસની સાથે સાથે સફળ મહાનુભાવોના જીવન ચરિત્ર સમજી જીવન ના સંઘર્ષ માં ઉપયોગી થઇ શકે તે માટે કોલેજ હંમેશા આવા પ્રયત્ન કરતી રહે છે.

કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાંત પુષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય તેમજ ઉપાચાર્ય અને પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને સમગ્ર કોલેજ પરિવારના સહયોગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો હતો.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા પ્રભાશંકર પટ્ટણીના જીવનચરિત્ર પર વ્યાખ્યાનનું આયોજન

## ગાંધીજી ને ગોળમેજી પરિષદ દ્વિતીયમાં પોતાની સાથે લઈ જવા માટે તૈયાર કરવામાં તેઓનું વિશેષ યોગદાન

ગાંધીનગર, તા.૧૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) NSS યુનિટ દ્વારા સાહિત્ય જગતનું ઉજ્વવળ નામ અને પ્રભાશંકર જીના જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ તેઓના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવન માં ઉતારવા નો પ્રયત્ન કરે આવા ઉમદા હેતુ થી કોલેજ દ્વારા કાર્યક્રમનું ઓનલાઈન આયોજન થયું હતું. કોલેજ તરફથી ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન બાબતે સંકલન કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રભાશંકરજીના



જીવનમાંથી પ્રેરણા લેવા જણાવ્યુ હતું. કુલ એનએસએસ ના વોલીયંટર્સ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કોલેજ તરફ થી આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદશન હેઠળ ઉપાચાર્ય તેમજ ઉપાચાર્ય અને પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને સમગ્ર કોલેજ પરિવાર ના સહયોગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો હતો.

વેકેશનને વ્યવસાયિક તાલીમ થકી
અર્થપૂર્ણ બનાવતા વિદ્યાર્થીઓ

ગાંધીનગર સમાચાર

# વેકેશનને વ્યવસાયિક તાલીમ થકી અર્થપૂર્ણ બનાવતા વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા રાજયકક્ષાએ જ નહી પરંતુ રાષ્ટ્રીય સ્તરે મેનેજમેન્ટ તેમજ એડમિનીસ્ટ્રેશનના અભ્યાસ ક્ષેત્રે વિદ્યાર્થીઓને વ્યવસાયિક તાલીમ આપી ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓને યોગ્ય દિશા નિર્દેશ મળી રહે તેમજ તેમનામાં યોગ્ય વ્યવસાયલક્ષી આવડત ઉભી થાય તેવા અભ્યાસક્રમની શોધ જરૂરી બની છે ત્યારે શહેરની બીબીએ કોલેજનું ઉમદા કાર્ય દીવા દાંડી સમાન બની રહેશે. કોલેજમાં અભ્યાસ કરનાર દરેક વિદ્યાર્થીઓના કૌશલ્ય થકી આજે તેઓને શરૂઆતથી જ સારા પગાર સાથે ત્વરિત નોકરી મેળવી શકવા સમર્થ બન્યા છે.

હાલમાં રાજયની યુનિવર્સિટીઓ તેમજ કોલેજોમાં વિદ્યાર્થીઓને વેકેશનનો સમય ચાલી રહ્યો છે ત્યારે આ એક માત્ર કોલેજના વિદ્યાર્થીઓ છે કે જેના વિદ્યાર્થીઓ દેશની અનેક નામાંકિત કંપનીઓમાં ઈન્ટેનશીપ કરી રહ્યા છે. અને મેનેજમેન્ટ ક્ષેત્રે પણ પ્રાયોગિક તાલીમ મેળવી રહ્યા છે. વિદ્યાર્થીઓને ફિલ્ડ વર્ક બાબતે ઉપયોગી સૂચનો કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થાય. તાલીમ



મેળવતા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે વેકેશન દરમિયાન મેળવેલ આ તાલીમ ફકત સમયનો સદુપયોગ નથી પરંતુ તેઓને કારકિર્દી માટે જાગૃત બનાવી યોગ્ય વ્યવસાય કે નોકરીની પસંદગી માટે ઉપયોગી સાબિત થશે. સમગ્ર ટ્રેનિંગ પ્લેસમેન્ટ અને ઈન્ટેનશીપ સેલ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ અને પ્લેસમેન્ટ તેમજ ટ્રેનિંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્નાના માર્ગદર્શન હેઠળ સમગ્ર વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓના યોગ્ય પ્લેસમેન્ટ માટે કાર્યકરી ઈન્ટેનશીપ ડ્રાઈવને સફળ બનાવી હતી.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ વસાણી પોલીમર્સ કંપનીની મુલાકાતે

ગાંધીનગર, તા.૯


કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના દ્વિતીય વર્ષના ૨૬૦ વિદ્યાર્થીઓએ તલોદ સ્થિત વસાણી પોલીમેર્સ પ્રાઈવેટ લિમિટેડની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કંપનીના સ્થાપક કેશવલાલ વસાણી દ્વારા ઉમદા ઉદ્દેશ્ય સાથે કંપની સ્થાપવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ. વિદ્યાર્થીઓએ એક પછી એક પ્લાન્ટની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કંપનીના એચ. આર. મેનેજર રાજ કપુર પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ટેકનીકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓએ કંપની તેમજ તેના સંચાલકશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડો. રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય તેમજ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈંચાર્જ ડો. જયેશ તન્ના, ડો આશિષ ભુવા, ડો.નીરવ જોશી, ડો.શીતલ પટેલ, પ્રો. રિપલ મહેતાએ જહેમત ઉઠાવી હતી.

૯-૧-૨૦૨૨, ગાંધીનગર સમાચાર

# કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજ દ્વારા ઉન્નતીકરણ તાલીમ અભિયાનનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન ખાતે વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત 'સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એનહાસમેંટ કેમ્પેન' નું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તાલીમ અભિયાનના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ બાબતે યુનિવર્સિટીના કમ્યુનિકેશન સ્કિલ ડિપાર્ટમેન્ટના વડા જીનલ જોશી તેમજ સમગ્ર ડિપાર્ટમેન્ટનો સહયોગ સાંપડ્યો હતો. ૧૫ દિવસની તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને કમ્યુનિકેશનના બેઝિક નિયમો તેમજ તેની સરળ સમજ તેમજ રોજિંદા વ્યહવારમાં ઉત્તમ રીતે કમ્યુનિકેશન કરવા ની કળા અને પ્રોફેશનલ ક્ષેત્રે લોકો ને પ્રભાવિત



કરી શકાય આકર્ષિત કરી શકાય તેમજ કનવીન્સ કરી શકાય તે બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડો.રમાકાંત પૃષ્ટિ એ વધુમાં જણાવ્યુ હતું કે વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા આયોજિત થતાં તમામ વર્કશોપનો મહત્તમ લાભ લેવા જણાવ્યુ હતું. ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્નાએ વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી હતી. તેમજ તેની અગત્યતા સમજાવી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી.ત્યારબાદ મુખ્ય તાલીમ આપનાર તજજ્ઞ સ્વસ્તિ મેડમ, ડો.નેહા પટેલ, શુભ્રા ગૌતમ મેડમ ને કોલેજ વતી આવકાર્યા હતા. મુખ્ય વકતા દ્વારા વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શિત કરાયા હતા.

સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ડો.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો.આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

તા. ૧-૧-૨૦૨૨, શનિવાર ગાંધીનગર સમાચાર

## નદી ઉત્સવ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજનાં NSS યુનિટના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા

ગાંધીનગર

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના ૧૧૯ વિદ્યાર્થીઓ તેમજ રાજયસરકાર ના મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર તેમજ ઈરિગેશન વિભાગ તરફ થી મકવાણા સાહેબ, ગીર ફાઉન્ડેશન ના અધિકારીશ્રી વિભાબેન, આલાપભાઈ સહિતના મહાનુભાવો ની પ્રેરક ઉપસ્થિતિ માં ઉપરોક્ત કાર્યક્રમ નું આયોજન થયું હતું. તેમજ ઈન્દ્રોડા પાર્ક ના અધિકારીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તેમજ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના સાહેબ દ્વારા કાર્યક્રમ માં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ નું માર્ગદર્શન કરવામાં કર્યું હતું.





વિદ્યાર્થીઓએ નદીઓ ને સાફ રાખવી તેમજ નદી માં ગેરકાયદેસર ખનન પ્રવૃતીઓ અટકાવવી જોઈએ જેનાથી પર્યાવરણ ને નુકસાન થતું અટકે તેમજ દેશની ભૌગોલિક પરિસ્થિતી ને જાળવવી નદીઓ નું અનેકવિધ મહત્વ સમજવું તેમજ નદીઓ ને જોડવા માટે જન જાગૃતિ કેળવવી જોઈએ. સવાર ના ખુશનુમા વાતાવરણ માં નેચર વોક કરી પ્રકૃતિ નો આનંદ માણ્યો હતો. તેમજ તજજ્ઞ માર્ગદર્શક અધિકારીશ્રીઓ પાસે થી વિવિધ વનસ્પતિઓ તેમજ તેના ઉપયોગ વિષે તલસ્પર્શી માહિતી મેળવી હતી સાથે સાથે લુપ્ત થઈ રહેલી વન્ય સંપતિઓ ને જાળવવા માટે પ્રતિબદ્ધ થયા હતા. તેમજ વિવિધ જંગલી તેમજ પાલતુ પશુ પંખીઓ જળચર પ્રાણીઓ, વિષે પણ માહિતી મેળવી હતી અને લુપ્ત પ્રજાતિ ઓ બાબતે પણ ખૂબ સુંદર માર્ગદર્શન મેળવ્યું હતું.સાથે સાથે "આવો પ્લાસ્ટિક સહિત ના પ્રદુષણ ને હંફાવીએ" સૂત્ર પર કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓ એ વિશ્વ ના કથળેલા પર્યાવરણ તેમજ ઓઝોન લેયરમાં પડી રહેલા ગાબડા વિષે અને તેનાથી પર્યાવરણ માં થઈ રહેલા જોખમો બાબતે માહિતી મેળવી હતી. જળપ્રદુષણ તેમજ વાયુ પ્રદુષણ પ્લાસ્ટિકના દુરુપયોગ ના કારણે વધી રહ્યું છે. આથી પ્લાસ્ટિક ના ઉપયોગ દુનિયાના અનેક દેશોમાં પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. જે મુજબ આપણે પણ પ્લાસ્ટિક નો ઉપયોગ બંધ કરી પ્રદુષણ અટકાવવા યથા યોગ્ય પ્રયત્ન કરવા જોઈએ.શાળા-કોલેજ માં તેમજ જાહેરસ્થળ પર લોકોને જાગૃત કરવા અભિયાન ચલાવવું જોઈએ. ત્યારબાદ અધિકારીશ્રીઓ દ્વારા ઘટતા જતા વનવિસ્તાર બાબતે ચિંતા વ્યક્ત કરી હતી તેમજ વિદ્યાર્થીઓ ને વૃક્ષારોપણ માટે પ્રેરિત કર્યા હતા.અને સંત સરોવર વિસ્તાર માં વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કોલેજ ના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના,ડો.આશિષ ભુવા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સમાચાર

# ‘ચેન્જ મેનેજમેંટ’ વિષય પર બીબીએ કૉલેજ દ્વારા વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કોલેજ ખાતે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા આયોજિત થતાં વર્કશોપનો મહત્તમ લાભ લેવા જણાવ્યુ હતું. યુનિવર્સિટીના ડિપાર્ટમેંટ ઓફ ઇન્ટરનેશનલ રિલેશન્સ તેમજ કમ્યુનિકેશન સ્કિલ ડિપાર્ટમેંટના અધ્યાપિકા દ્વારા વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે ઉપરોક્ત વિષય પર માર્ગદર્શિત કર્યા હતા. વિદ્યાર્થીઓને સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવથી સરળ તેમજ સફળ ટીપ્સ આપી હતી. વિદ્યાર્થીઓને મેનેજમેંટનું મહત્વ તેમજ મેનેજમેંટમાં કરવા પડતાં જરૂરી ફેરફાર અને તે બાબતે આવતા વિવિધ પ્રોબ્લેમના સોલ્યુશન માટે ખૂબ મહત્વપૂર્ણ સૂચનો આપ્યા હતા. સફળ મેનેજમેંટ માટે ટીમમાં કામ કરતી વખતે દરેક સભ્યને ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. ટીમ લીડરને શું ધ્યાનમાં રાખવું તે બાબતે યોગ્ય સાવધાનીઓ રાખવી વગેરે બાબતે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેઓ એ વ્યક્તિની ક્ષમતાઓ અને તેના આધારે સમસ્યાનું યોગ્ય વિશ્લેષણ કરવા પર ભાર મૂક્યો હતો. આમ આજના વર્કશોપમાં વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહથી જોડાયા હતા તેમજ પ્રશ્નોત્તરી દ્વારા પોતાના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ પણ મેળવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

# બીબીએ કોલેજ


ઓનલાઈન માધ્યમથી કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી



કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૂષ્ટિએ વિદ્યાર્થીઓને આજના દિવસનું મહત્વ સમજાવ્યું હતું. ઉપાચાર્ય ડૉ. જયેશ તન્નાએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં કોલેજના ૬૮ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓની તૈયારી ઉડીને આંખે વળગે તેવી હતી. કોલેજ પરિવાર તરફથી સૌને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૂષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના, ડૉ. શીતલ પટેલ, પ્રો. ગોપી પંડયા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક યોજાયો હતો.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ ઓનલાઈન ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા. ૨૫

ઔદ્યોગિક ક્ષેત્રમાં ચાલતા વ્યવહારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે પ્રથમ વર્ષના ૩૪૫ વિદ્યાર્થીઓએ મોરબી સ્થિતિ કંપનીની ઓનલાઈન મુલાકાત લીધી હતી. જેમાં કોલેજના આચાર્ય ડૉ. રમાકાંતપૃષ્ટિ ઉપસ્થિત રહ્યા હતા. જયેશ તન્ના દ્વારા વિઝિટનું સંચાલન તેમજ સંકલન કરવામાં આવ્યું હતું. કંપનીના ઓનર જયેશભાઈ પટેલ, વિવેક પટેલ, સાવન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું હતું. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, ઉપાચાર્ય પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

# બીબીએના ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરાયું

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કોલેજ ખાતે અલ્યુમની વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટી ના મેનેજમેંટ ફેકલ્ટીના ડીન તેમજ એસ.વી.ઈનોવેશન ફાઉન્ડેશનના ડો. ભાવિન પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વક્તા દ્વારા



વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. સફળ કારકિર્દીના ઘડતર માટે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસનું મહત્વ તેઓએ સમજાવ્યુ હતું. તેમજ વિદ્યાર્થીઓ ને ઉચ્ચ અભ્યાસમાં વિકલ્પની પસંદગી બાબતે સાવચેતી રાખવા જણાવ્યુ હતું. સાથે સાથે ઉચ્ચ અભ્યાસ દરમ્યાનના પડકારો અને ત્યારબાદ યોગ્ય પ્લેસમેંટ કઈ રીતે મેળવવું તે બાબતે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે કોવિડ બાદ દેશ અને વૈશ્વિક સ્તરે બદલાયેલી આર્થિક પરિસ્થિતી અને તેના આધારે વિદ્યાર્થીઓને કારકિર્દીમાં જો સ્કીલ જેવા કોર્સની પસંદગી કરવા માં આવે તો ખૂબ ઉજ્જવળ તકો હોવાનું જણાવ્યુ હતું. સમગ્ર દુનિયામાં ગુજરાત એ ફાસ્ટ ગ્રોઈંગ સ્ટેટ અને રોકાણકારો નું સ્વર્ગ બનવા જઈ રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓ ને તેનો મહત્તમ લાભ લેવા સમજાવ્યું હતું.

# બીબીએ કોલેજ ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે ઉત્સાહભેર ઉજવણી




ગાંધીનગર, તા.૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ઓનલાઈન માધ્યમ થી કરેલ ઉજવણીમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા. વર્ષપર્યંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આજનો મહિમા સમજાવ્યો હતો. વિદ્યાર્થીઓ ને સમય પાલન તેમજ મન રૂપી ગુરુનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. ત્યારબાદ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન કર્યું હતું અને વિદ્યાર્થીઓને કારકિર્દી માટે જાગૃત રહી ગુરૂજનો માંથી પ્રેરણા લેવા જણાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા કરવા માં આવ્યું હતું. સમગ્ર કોલેજમાંથી કુલ ૨૦ વિદ્યાર્થીઓ આજના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમા ને અનુલક્ષીને ચાર વિષય માંથી કોઈ એક વિષય પસંદ કરી પોતાનું વકતવ્ય આપવાનું હતું. વિદ્યાર્થીઓની તૈયારી ઉડીને આંખે વળગે તેવી હતી.


ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ મોરબીની પ્રતિષ્ઠિ
# ઈટોલી ગ્રેનીટોની ઓનલાઈન ઔદ્યોગિક મુલાકા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની કડી સર્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન(બીબીએ) કોલેજ વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતરમાં અનેકવિધ પ્રવૃતિઓ દ્વારા અમૂલ્ય યોગદાન આપતી રહી છે. આજે દેશ - વિદેશમાં બીબીએ કોલેજ ગાંધીનગરનાં વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ ક્ષેત્રે મહત્વપૂર્ણ પદ પર કાર્યરત રહી પોતાની સેવા આપી રહ્યા છે અને એજ પરંપરાને આગળ વધારતા અભ્યાસનાં ભાગ રૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔદ્યોગીક ક્ષેત્રમાં ચાલતા વ્યહવારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે આજ રોજ ૨૧૦ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત કંપનીની વર્ચ્યુયલ મુલાકાત લીધી હતી.

કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સમગ્ર મુલાકાત દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા અને કંપનીના પ્રતિનિધિ મનીષભાઈને આવકાર્યા હતા. ત્યારબાદ ઉપાચાર્ય ડો. જયેશ તન્ના દ્વારા કંપનીના પ્રતિનિધિનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ મનીષભાઈ દ્વારા કંપની ની તલસ્પર્શી માહિતી આપી હતી.સમગ્ર મુલાકાત દરમ્યાન



વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ. વિદ્યાર્થીઓએ એક પછી એક વિવિધ પ્લાન્ટની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કંપનીના એચ.આર. એક્ઝિક્યુટિવ પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ ની ટેકનિકલ તેમજ

તમામ મશીનરી અને તેના ઉપયો…
વિષે માર્ગદર્શન આપવામાં આ…
હતુ દરેક મશીનરી નાં નામ તેમ…

તેનુ મૂલ્ય બાબતે પણ વિદ્યાર્થીઓ…
માર્ગદર્શિત કર્યા હતા. વિઝિટ…
છેલ્લા તબક્કામાં બીબીએ કોલેજ…
વિદ્યાર્થી દ્વારા પ્રશ્નોત્તરીનું આયોજ…
કરવા માં આવ્યું હતું. આ વિઝિ…
સફળ બનાવવા માટે સંસ્થા…
આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ…
માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અ…
ટ્રેનિંગ કમિટીનાં હેડ ડો.જયેશ ત…
તેમજ કોલેજ પરિવાર દ્વારા જહેમ…
ઉઠાવવામાં આવી હતી.

# 'ડૉક્યુમેન્ટ ડિઝાઈન એન્ડ ઈટ્સ એડવાંટેજીસ' વિષય પર બીબીએ કૉલેજ દ્વારા વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વર્કશૉપનું આયોજન કરવા માં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ વર્કશોપ માં ઉપસ્થિત રહ્યા હતા. ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી. ત્યારબાદ ડો.આશિષ ભૂવા દ્વારા મુખ્ય વક્તા ડો.નેહા ત્રિવેદીને કોલેજ વતી આવકાર્યા હતા. મુખ્ય વક્તા દ્વારા વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. સફળ કારકિર્દીના ઘડતર માટે વિદ્યાર્થીઓને ડૉક્યુમેન્ટ ડિઝાઈન એન્ડ ઈટ્સ એડવાંટેજીસ પર પોતાની સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ઉદભવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ પણ તેમણે આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો.આશિષ ભુવા, ડો.અમિતા પ્રજાપતિ, ડો.માર્ગી દેસાઈ, ડો.પ્રજ્ઞેશ નવલખા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

# બીબીએ કોલેજ દ્વારા વર્કશોપનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કોલેજમાં 'લર્નિંગ પ્રોબ્લેમ સોલ્વીંગ વિથ ક્રીટીલ થિંકિંગ' વિષય પર વર્કશોપ યોજાયો હતો. સ્વસ્તિ મેડમ દ્વારા વિદ્યાર્થીઓને વર્કશોપના વિષય ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને પ્રોબ્લેમના સોલ્યુશન માટે પહેલા તેના લક્ષણોને સમજો ત્યારબાદ તેનું નિદાન કરવું અને નિદાન થયા બાદ તેનો ઉપચાર કરવો અને ઉપચાર બાદ ફરી આવી સમસ્યા ન થાય તે માટે શું ધ્યાનમાં રાખવું તે બાબતે યોગ્ય સાવધાનીઓ રાખવી વગેરે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. જયેશ તન્ના (ઉપાચાર્ય) દ્વારા વિષય અંગેની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ડૉ. રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના, ડૉ. આશિષ ભુવા, ડૉ. અમિતા પ્રજાપતિ, ડૉ. માર્ગી દેસાઈ, ડૉ પ્રજ્ઞેશ નવલખા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતાપૂર્વક યોજાયો હતો.


ગાંધીનગર સમાચાર

# 'અંડરસ્ટેન્ડિંગ સ્ટોક માર્કેટ ફ્રોમ પ્રેક્ટિકલ પર્સપ્રેક્ટિવ' વિષય પર બીબીએ કોલેજ ખાતે વર્કશોપ

## તજજ્ઞ વક્તા તેજસ પટેલ (આસિસ્ટંટ જનરલ મેનેજર - SEBI) બીબીએ કોલેજના જ ભુતપૂર્વ વિદ્યાર્થી

ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૯૫ વિદ્યાર્થીઓ એ ઓનલાઈન માધ્યમ થી ભાગ લીધો હતો. કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા મુખ્યવકતા તેજસ પટેલ (AGM-SEBI) ને કોલેજ વતી આવકાર્યા હતા.અને તેઓ કોલેજ માં વિદ્યાર્થી હતા તે સમય ના સંસ્મરણો વાગોળ્યા હતા. જેમાં તેઓ એ તેજસભાઈ ગુજરાત ૨૦૦૮ માં GCET સ્પર્ધાત્મક પરીક્ષા માં સમગ્ર ગુજરાત માં પ્રથમ આવ્યા હતા જે બાબત નો પણ ઉલ્લેખ કર્યો હતો. ત્યારબાદ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના સાહેબ દ્વારા તેઓ નો પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો. તેઓ અત્રેની બીબીએ કોલેજના જ ભુતપૂર્વ વિદ્યાર્થી છે તે કોલેજ માટે ગૌરવ ની બાબત છે. ત્યારબાદ વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી વિષય પર રસપ્રદ ભૂમિકા બાંધી હતી.તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી.ત્યારબાદ મુખ્ય વકતા દ્વારા વિદ્યાર્થીઓને સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ના વિવિધ કાર્યો બાબતે વિદ્યાર્થીઓને ઉંડાણપૂર્વક સમજ આપી હતી.



સમગ્ર કાર્યક્રમ ડો.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો. આશિષ ભુવા તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક યોજવા માં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

# “લો ફૂલ એંડ લીગલ ઈનસાઈટ” વિષય પર બીબીએ કોલેજ ખાતે વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા મુખ્ય વકતા જયકિશન ફેફરને કોલેજ વતી આવકાર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને જયકિશન ફેફરમાંથી પ્રેરણા લઈ ઉજ્જવળ કારકિર્દી ઘડવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ કોલેજના ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા તેઓનો પરિચય વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો.

કંપનીના વિવિધ પ્રકારો તેના કાયદા વગેરેની સંપૂર્ણ માહિતી મેળવ્યા બાદ કંપનીનું નામકરણ તેમજ તેના બેંક એકાઉન્ટ અને બેંક વ્યવહારો બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા સાથે સાથે ધિરાણ મેળવવા માટે કંપની એ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવો પડે જેના આધારે ધિરાણ મેળવી શકાય આથી પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવામાં જરૂરી કન્ટેન્ટ તેમજ કાનૂની બાબતો, ટેકનોલોજીકલ તેમજ ફાયનાન્સીયલ એનાલીસીસની પણ માહિતી આપી હતી. સાથેસાથે સફળ આંત્રપેન્યોર બનવા માટે ઉપરોક્ત મુદ્દાઓના અનુસંધાને ગંભીરતાપૂર્વક અધ્યયન કરવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ડો.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના તેમજ તમામ અધ્યાપક દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

# બીબીએ કોલેજ દ્વારા "કરિયર ઇન ઇન્શ્યોરન્સ સેક્ટર" વિષય પર વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીઍ)ના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત વર્કશોપનું આયોજન થયું હતું. કુલ ૧૩૫ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. એલઆઈસી ગાંધીનગર જિલ્લાના વિકાસ અધિકારી મનોજ પાત્રા દ્વારા ખૂબ સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમના મુખ્ય અતિથિ તેમજ ઇન્શ્યોરન્સ સેક્ટરના તજજ્ઞ વક્તા મનોજ પાત્રાને આવકારવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને આજના વર્કશોપમાંથી ઉપયોગી ભાથું મેળવવા શુભેચ્છાઓ પાઠવી હતી.




ત્યારબાદ કોલેજના વાઈસ પ્રિન્સિપાલ ડો.જયેશ તન્ના દ્વારા આજના મહેમાન નો પરિચય આપવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને કારકિર્દી બાબતે ગંભીર બની કોલેજ દ્વારા આયોજિત વિવિધ વર્કશોપમાંથી મહત્તમ લાભ લેવા જણાવ્યુ હતું.

કૉલેજ તરફથી આજના વર્કશોપને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ, ઉપાચાર્ય તેમજ ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ.જયેશ.જે.તન્ના તેમજ ડો.આશિષ ભુવા,ડો. નીરવ જોશી, ડો.ગોપી પંડ્યા, ડો. શીતલ પટેલ, ધર્મેન્દ્ર રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજના NSS યુનિટ દ્વારા સુભાષચંદ્ર બોઝના જીવનચરિત્ર પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર,તા. ૨૪

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના ૭૫ વિદ્યાર્થીઓ ભારત ની આઝાદ ની લડત નું ઉજવવળ નામ અને યુવાનો ના આદર્શ સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ નેતાજી ના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવન માં ઉતારવા નો પ્રયત્ન કરે આવા ઉમદા હેતુથી કોલેજ દ્વારા આજ ના શુભ દિવસે ઉપરોક્ત કાર્યક્રમ નું ઓનલાઈન આયોજન થયું હતું. કોલેજ તરફ થી ડો.જયેશ તન્ના દ્વારા ઉપરોક્ત કાર્યક્રમમાં ઉત્સાહ ભેર જોડાવા માટે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.કોલેજ ના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સુભાષચન્દ્ર બોઝના જીવન માંથી પ્રેરણા લેવા નેતાજી દ્વારા આપેલા સુત્ર ને યાદ આવા મહાપુરુષોને સમજી તેમના કર્યો, અનુભવો અને સંઘર્ષ માંથી




પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમજ ભવિષ્ય ના NSS યુનિટ ની વિવિધ પ્રવૃતિ માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. તેમજ તેઓને ઉપયોગી સૂચનો આપવા પણ જણાવ્યું હતું.

ના દેશ અને દુનિયા માં આઝાદી માટે સંઘર્ષરત રહ્યા તે પ્રસંગો અને આઝાદ હિન્દ ફોજનું નિર્માણ અને નેતૃત્વ કર્યું સાથે સાથે વિદ્યાર્થીઓ ને નેતાજી ના જીવન ના તમામ પાસાઓ પર તલસ્પર્શી માહિતી આપી હતી.જેમાં તેમના બાળપણ,યુવાની વિદેશ પ્રવાસ

**નેતાજીની ૧૨૫મી જન્મજયંતીને ભારત સરકાર દ્વારા પરાક્રમ દિવસ તરીકે ઉજવવા બદલ વિદ્યાર્થીઓમાં અનોખો ઉત્સાહ**

સમગ્ર વ્યાખ્યાન તેઓના જીવનમાં ચારિત્ર્ય નિર્માણ માટે દીવા દાંડીનું કાર્ય કરશે તેમ જણાવ્યું હતું. અભ્યાસની સાથે સાથે સફળ મહાનુભાવોના જીવન ચરિત્ર સમજી જીવન ના સંઘર્ષ માં ઉપયોગી થઈ શકે તે માટે કોલેજ હંમેશા આવા પ્રયત્ન કરતી રહે છે. જે અમારા ઘડતર માટે ખુબ ઉપયોગી છે. તેમ વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું. આવા કાર્યક્રમ થી લોકજાગૃતિ નું ઉત્કૃષ્ટ કાર્ય થશે જે સમાજનિર્માણ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.

કોલેજ તરફ થી આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ ના માર્ગદશન હેઠળ ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના તેમજ NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ,ડો આશિષ ભુવા,ડો નિવેદિતા રાવલ, ડો પ્રગ્નેશ નવલખા,ડો અમિતા પ્રજાપતિ,ડો માર્ગી દેસાઈ, અને

૨૩-૧-૨૦૨૧

ગાંધીનગર સમાચાર

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# 'મેનેજિંગ એડવર્ટાઈઝીગ ઈન કોર્પોરેટ' વિષય પર વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના ૧૧૦ વિદ્યાર્થીઓ માટે તેમની સફળ કારકિર્દી ના ઘડતર ને ધ્યાનમાં રાખી વર્કશોપ ની શૃંખલા નું આયોજન કરવા માં આવી રહ્યું છે. જેમાં આજ ના વર્કશોપ માં તૃતીય વર્ષ ના વિદ્યાર્થીઓ જોડાયા હતા આજ ના કાર્યક્રમ માં મુખ્ય વક્તા તરીકે ડો.સીમા હરીરામાની હતા. જેઓ ને કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા આવકારવા માં આવ્યા હતા. ત્યારબાદ ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેંટ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા આજના વક્તા નો પરિચય આપવા માં આવ્યો હતો તેમજ અને વિદ્યાર્થીઓ ને આજના વિષય બાબતે સજ્જ કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ ને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. કોલેજ તરફ થી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તાને આવકારવા માં આવ્યા હતા. તેમજ તેમનો પરિચય આપ્યો હતો.આજના તજજ્ઞ વક્તા પ્રોફેશનલ ટ્રેનર તરીકે પણ તાલીમ આપે છે. તેઓ દ્વારા એડવર્ટાઈઝ મેનેજમેંટ બાબતે વિદ્યાર્થીઓ ને સચોટ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું.જેમાં ૫ ર નો અર્થ રસપ્રદ રીતે સમજાવવા માં આવ્યો હતો. તેઓ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યક્તિ નો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેય ને પામવા કઈરીતે અગ્રેસર થઈ શકે તે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને માર્કેટિંગ ક્ષેત્ર માં કારકિર્દી ઘડવા માટે પહેલા થી જે તે ક્ષેત્ર માટે પુરતી સમજ કેળવવી જોઈએ. તેમજ તેમને જેમાં રૂચી હોય તેમાં આગળ વધવું જોઈએ બીજાની સફળતા કે સલાહ મુજબ પોતે પણ શ્રેષ્ઠ કારકિર્દી નું ઘડતર કરશે તેમ સમજવા ના બદલે પોતાની આંતરિક શક્તિ ને ઓળખી મેનેજમેન્ટ ના ઉપરોક્ત જણાવેલા કોઈપણ ક્ષેત્ર ને પસંદગી કરવી જોઈએ વધુમાં તેમને જણાવ્યું કે મેનેજમેન્ટ ના તમામ ક્ષેત્રમાં ખુબ ઉજવવળ તકો છે.

પરંતુ વિદ્યાર્થી ને પોતાની રૂચી તેમજ તેની આવડત ને આધારે કારકિર્દી ઘડતર નો મહત્વ નો નિર્ણય લેવો જોઈએ. સાથે સાથે તેમને જણાવ્યું હતું કે તેઓ બીબીએ ના વિદ્યાર્થીઓને ઉપરોક્ત ત્રણ માંથી કોઈપણ ક્ષેત્રમાં ઇન્ટર્નશીપ તેમજ જોબ પ્લેસમેન્ટ માટે મદદરૂપ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ ને પ્લેસમેન્ટ તેમજ ઇન્ટર્નશીપ બાબતે વર્ષપર્યંત પ્રયત્નશીલ રહે છે.વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું કે આ વર્કશોપ તેઓ ને કારકિર્દી ના ઘડતર માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

સમગ્ર વર્કશોપ નું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ,પ્લેસમેન્ટ ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના,ડો આશિષ ભુવા, ડો.પ્રક્ષેશ નવલખા,ડો.અમિતા પ્રજાપતિ, ડો માંગી દેસાઈ,ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

૨૧-૧-૨૦૨૧

ગાંધીનગર સમાચાર

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કૉલેજ દ્વારા 'પ્રેક્ટિકલ એસ્પેક્ટ્સ ઓફ માર્કેટિંગ' વિષય અંતર્ગત વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના તૃતીય વર્ષના ૯૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. માર્કેટિંગ ક્ષેત્રે સફળ કારકિર્દીના ઘડતર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ ઉપસ્થિત રહ્યા હતા તેમજ આજના મુખ્ય વક્તા પ્રતિશ યાજ્ઞિક (બીજનેસ મેનેજર-ટ્રોઈકા ફાર્માસ્યુટિકલ લી ને આવકાર્યા હતા. કોલેજ તરફથી ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ અને ટ્રેનીગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તા નો પરિચય આપવામાં આવ્યો હતો. પ્રતિશભાઈ દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આજના તજજ્ઞ વક્તા જે આજે પ્રોફેશનલ ટ્રેનર તરીકે તાલીમ આપે છે. ડો.જયેશતન્ના સાહેબ દ્વારા સાંપ્રત વિષય પર વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપી વર્કશોપ માટે સુસજ્જ કર્યા હતા. જેમાં ગ્રાહક નો સંતોષ, પ્રાથમિક જરૂરિયાત, માઈન્ડ સેટ, વ્યૂહરચના, નેતૃત્વ, યોગ્ય પ્લાનિંગ વગેરે મુદાઓ પર સુંદર છણાવટ કરી હતી.પ્રિતેશભાઈ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી



ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યક્તિનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈરીતે અગ્રેસર થઈ શકેતે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી.

વિદ્યાર્થીઓને માર્કેટિંગ માં કારકિર્દી ઘડવા માટે પહેલાથી જે તે ક્ષેત્ર માટે પુરતી સમજ કેળવવી જોઈએ.તેમજ તેમને માર્કેટિંગ ક્ષેત્રમાં રૂચી હોય તો તેમાં આગળ વધવું જોઈએ બીજાની સફળતા કે સલાહ મુજબ પોતે પણ શ્રેષ્ઠ કારકિર્દી નું ઘડતર કરશે તેમ સમજવા ના બદલે પોતાની આંતરિક શક્તિ ને ઓળખી મેનેજમેન્ટ ના ઉપરોક્ત ક્ષેત્રને પસંદગી કરવી જોઈએ વધુમાં તેમને જણાવ્યું કે મેનેજમેન્ટ ના તમામ ક્ષેત્રમાં ખુબ ઉજવવળ તકો છે.પરંતુ વિદ્યાર્થી ને પોતાની રૂચી તેમજ તેની આવડત ને આધારે કારકિર્દી ઘડતર નો મહત્વ નો નિર્ણય લેવો જોઈએ. તાલીમ અને વિકાસ એ કોઈપણ ઓર્ગેનાઈઝેશન ને સરળતાપૂર્વક તેમજ સફળતાપૂર્વક ચલાવવા જરૂરી પાસાઓ છે. સાથેસાથે તેઓએ જણાવ્યું હતું.કે તેઓ બીબીએ ના વિદ્યાર્થીઓને ઉપરોક્ત ક્ષેત્રમાં ઈન્ટર્નશીપ તેમજ જોબ પ્લેસમેન્ટ માટે મદદરૂપ થશે. પરંતુ પહેલા વિદ્યાર્થી ને પોતે યોગ્ય વિકલ્પની પસંદગી કરવી પડશે. સાથે સાથે વિદ્યાર્થીઓ ને ઈન્ટરવ્યું માટેની તૈયારી બાબતે પણ ખુબ ઉપયોગી માર્ગદશન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ ને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ બાબતે વર્ષપર્યંત પ્રયત્નશીલ રહે છે. સાથે સાથે સમગ્ર વરહ દરમ્યાન અભ્યાસક્રમ ની સાથે સાથે વિવિધ વિષયો પર ગુણવત્તા સભર તાલીમ વર્ગ નું પણ આયોજન કરે છે. જે તેઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે.


ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરની બીબીએ કૉલેજનાં ૨૫૩ વિદ્યાર્થીઓ વેલ્સપ્ન ઔદ્યોગિક ગૃહની ઓનલાઈન મુલાકાતે

## આંતરરાષ્ટ્રીય સ્તરે કંપની ૫૦ દેશોમાં અંદાજિત ૨૬,૦૦૦ જેટલા વિશાળ સ્ટાફ સાથે વિસ્તરેલી કંપનીની મુલાકાત વિદ્યાર્થીઓ માટે અનેરો લહાવો

ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા ૨૫૩ વિદ્યાર્થીઓને ઔધોગીક મુલાકાત માટે કચ્છ જીલ્લાના SEZ અંજાર ખાતે આવેલ વિશ્વ વિખ્યાત પ્રતિષ્ઠિત વેલસ્પન કંપની ખાતે વર્ચ્યુઅલ મુલાકાત ગોઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ટેક્સ્ટાઈલ ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવે છે. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ ખાલી પુસ્તકીયુ જ્ઞાન મેળવે તો સમાજ અને ઉધોગ જગત તેનાથી લાભાન્વિત બની શકે નહી વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા. કંપની તરફથી એચ. આર. વિભાગ ના હેડ આલોકકુમાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોડકશન અને ઓપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓ ને 'પ્લાન્ટ લે આઉટ' તેમજ ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ માં સંચાલન કેવીરિતે કરવુ તેમજ "પ્લાન્ટ લે આઉટ" ની ગોઠવણી કેવીરીતે કરવી તે બાબત સમજાવવા માં આવી હતી. પ્લાન્ટ અને પ્રોડકશન પ્રક્રિયાથી વાકેફ થયા બાદ એકસપોર્ટ ઈનપોર્ટ બાબતે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. પ્રસુનકુમાર દ્વારા કંપની ના પ્લાન્ટ બાબતની માહિતી આપી હતી. તદઉપરાંત વિદ્યાર્થીઓ એ બીબીએનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આ વિઝિટ દ્વારા પોતાના માં કોર્પોરેટ સુસજ્જતા કેળવવા શુ કરવુ તેની સમજ આપી હતી જેનાથી વિદ્યાર્થીઓ માં સંતોષ ની લાગણી પ્રવર્તી હતી. કંપની CSR એક્ટિવિટી અંતર્ગત રાહતદર મુજબ વિશાળ કેન્ટીન ચલાવે છે. જ્યારે વેસ્ટ યુઝ બાબતે રિસાયકલ તેમજ રિયુઝ દ્વારા ગ્રીન ઈનીશેટીવ બાયોગેસનું ઉત્પાદન તેમજ ઉપયોગ દ્વારા પર્યાવરણની જાળવણી બાબતે જવાબદારી નિભાવી અન્યો ને પણ જાગૃત કરવાનું ઉમદા કાર્ય કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે એશિયા નો સૌથી મોટો ETP પ્લાન્ટ જ્યાં ૯૦ ટકા પાણી પુનઃ ઉપયોગ માં લેવામાં આવે છે. કચ્છની ભૌગોલિક પરિસ્થિતીને ધ્યાનમાં લઈ અહીં 300 કરોડ લિટર વરસાદી પાણીના સંગ્રહ માટે અદ્ભુત આયોજન કરવા માં આવેલ છે. સાથે સાથે કંપની દ્વારા ૨ શાળાઓ ચલાવવામાં આવે છે જે જેમાં અંદાજે ૧૩૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. તેમજ અંહી મેડિકલ ફેસિલિટી માટે ડિવાઈન હોસ્પિટલ શરૂ કરવામાં આવેલ છે. જે ખૂબ ઉમદા કાર્ય કરી રહી છે.



૬-૧-૨૦૨૧

ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ દ્વારા 'સ્વસ્થ જીવન સફળ જીવન' વિષય પર વર્કશૉપનું આયોજન

## વિદ્યાર્થીઓની સાથેસાથે તેઓના વાલીઓ પણ ઉપરોક્ત વર્કશોપમાં બહોળી સંખ્યામાં જોડાયા અને તેઓએ અનેક સ્વાસ્થ્યને લગતા પ્રશ્નોનું સંતોષકારક સમાધાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષના ૧૭૫ વિદ્યાર્થીઓ માટે ઉપરોકત વિષય પર સફળ વર્કશોપ નું આયોજન કરવા માં આવ્યું હતું. સફળ કારકિર્દીના ઘડતર માટે વ્યકિત તન અને મન થી સ્વસ્થ રહે તે ખૂબ અગત્ય નું છે જેને ધ્યાન માં રાખીને ઉપરોકત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજ ના આચાર્યશ્રી એ ઉપસ્થિત રહી તજજ્ઞ ચંદ્રકાંતભાઈ ને સંસ્થા વતી આવકાર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ ને સાંપ્રત સમય માં ઉપરોકત વિષય ની જરૂરિયાત બાબતે સમજાવ્યું હતું. ત્યારબાદ કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના દ્વારા મુખ્ય વકતાનો પરિચય આપવા માં આવ્યો હતો. ડો.જયેશ તન્ના દ્વારા ઉપરોકત વિષય પર વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપી વર્કશોપ માટે સુસજ્જ કર્યા હતા.આજના તજજ્ઞ વકતા દ્વારા હાઈડ્રો થેરાપી (જળ ચીકીત્સા) તેમજ ધ્યાન, યોગ, આર્યુવેદ વિષયપર ઊંડાણપૂર્વક સમજ આપી હતી. માઈગ્રેન, ડાયાબિટીસ, આંખનાં નંબર સહિત ના અનેક રોગ જળ ચિકિત્સા તેમજ યોગ,ધ્યાન, આર્યુવેદ, હાર્ટ પ્રોબ્લેમ, ઘૂંટણનાં દર્દ, દ્વારા સફળતા પૂર્વક મટાડી શકાય છે જેની તલસ્પર્શી માહિતી આપવા માં આવતી હતી.તેઓ



એ એક સફળ સ્વાસ્થ્ય નો મંત્ર આપતા જણાવ્યુ હતું કે "પાણી ને ખાવ અને ભોજન ને પીવો" એટલેકે પાણી ને શરીર ના તાપમાન ને અનુકૂળ બન્યા પછી જ પીવું જોઈએ તેમજ ખોરાક નેએકદમ સૂક્ષ્મ બને ત્યાં સુધી ચાવી ને ખાવો જોઈએ. જેથી મોટા ભાગ ના દર્દ સમાપ્ત થઈ જશે. સહિત અનેક સ્વાસ્થ્ય ના મુદ્દાઓ બાબતે ખુબ ઉપયોગી માહિતી આપી હતી. જેનાથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ મોટા પ્રમાણ માં લાભન્વિત થયા હતા. જળ પીવાની પદ્ધતિ બાબત પર ચંદ્રકાંતભાઈ આજે પ્રોફેશનલ ટ્રેનર તરીકે કોર્પોરેટ જગતના લોકોને પણ તાલીમ આપે છે. ચંદ્રકાંતભાઈ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે પહેલા શારીરિક રીતે વ્યકિતનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈરીતે અગ્રેસર થઈ શકે તે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી.વધુમાં તેમને જણાવ્યું કે મેનેજમેન્ટ ના તમામ ક્ષેત્રમાં ખુબ ઉજવળ તકો છે.જે બાબતે વિદ્યાર્થીઓએ જાગૃત બની સફળતા મેળવવા યોગ્ય પ્રયત્ન કરશે તો ચોકકસ સફળતા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થી તેમજ તેના પરિવાર ના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે. જેના ભાગરૂપે ઉપરોકત કાર્યક્રમ નું આયોજન કરવા માં આવ્યું હતું. અને કાર્યક્રમ દરમ્યાન વાલી મિત્રો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા અનેક સ્વાસ્થ્ય ને લગતા પ્રશ્નો પૂછી તેનું નિરાકરણ મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ બાબતે વિદ્યાર્થીઓ તેમજ વાલીશ્રીઓ દ્વારા અભિપ્રાય આપતા જણાવ્યુ હતું. કે આવા કાર્યક્રમ એ સાંપ્રત સમય ની જરૂરિયાત છે

સમગ્ર વર્કશોપ નું સફળતાપૂર્વક આયોજન કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના,ડો.આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

૧૪-૧-૨૦૨૧,

ગાંધીનગર સમાચાર

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ NSS યુનિટ દ્વારા

# રાષ્ટ્રીય યુવા દિવસ તેમજ પૂજ્ય માણેકલાલની પુણ્યતિથી નિમિત્તે યુવા પરિસંવાદ યોજાયો

**વિદ્યાર્થીઓને બન્ને મહાનુભાવોના જીવનચરિત્રમાંથી જીવન ઉપયોગી ભાથુ મેળવ્યુ : 'શિક્ષણ એ માત્ર માહિતીનો સંગ્રહ જ નથી, પરંતુ જીવન માટે એક વ્યાપક પ્રશિક્ષણ છે' સ્વામીજીની ઉક્તિ ને પૂજ્ય માણેકલાલ સાહેબ દ્વારા સાચા અર્થમાં ચરિતાર્થ કરવામાં આવી**




ગાંધીનગર, તા. ૧૩ કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેકટર-૨૩માં આવેલી બીબીએ કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો ઉપરોકત સેમિનાર માં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કોલેજના આચાર્ય ડો. રમાકાન્ત પૃષ્ટિ દ્વારા આજના મુખ્યવકતા તેમજ કાર્યક્રમ ના અતિથિ વિશેષ ડો પાર્થ રશ્મિકાંત ભટ્ટ ને આવકાર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ ને પૂજ્ય માણેકલાલ સાહેબ તેમજ સ્વામીજી ના જીવનમૂલ્યો ને સમજી વ્યવહાર માં ઉતારવા જણાવ્યુ હતું. ઉપાચાર્યશ્રી ડો. જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને કાર્યક્રમ બાબતની સમજ આપવામાં આવી હતી. તેમજ યુવાનો ને હમેશા કર્તવ્ય નિષ્ઠ બની કારકિર્દીમાં આગળ વધવા જણાવ્યુ હતું. આજે એવાજ સમાજના ઉત્થાન માટે સિંહ ફાળો આપનાર બે મહાનુભાવો ના જીવનચરિત્ર માંથી તેઓ સમાજ અને રાષ્ટ્રાપયોગી

વાલીઓંટસ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે એટલે કે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ અને કડી સર્વવિશ્વ વિદ્યાલયના શિલ્પી માનનીય માણેકલાલ સાહેબની પુણ્યતિથિ તેમજ NSS કેમ્પના સમાપનને એક વર્ષ પૂર્ણ થવા ના ઉપલક્ષ માં કાર્યક્રમનું આયોજન થયું જેમાં પૂજ્ય માણેકલાલ સાહેબ અને સ્વામીજીના જીવનચરિત્રથી વિદ્યાર્થીઓ કઈરીતે પ્રેરિત થઈ શકે તે બાબત પર વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ઉપાચાર્યની પ્રેરણાદાયક ઉપસ્થિતિમાં આયોજિત થયો યુવાનોને માર્ગદર્શન આપવા માટે મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહેલા ડો. પાર્થ રશ્મિકાંત ભટ્ટ તેમની આગવી શૈલી માં વિદ્યાર્થીઓને અભ્યાસ બાબતે તેમના સ્વાનુભવ ની વાત કરી જે તેઓને ખૂબ ઉપયોગી સાબિત થશે. તેમજ બન્ને મહાનુભાવ એ રાષ્ટ્રનિર્માણ

કાર્યક્રમનું સંયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોલેજના NSS યુનિટ દ્વારા અનેક કાર્યક્રમો વર્ષપર્યંત કરવા માં આવે છે જેથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ તેમજ સમાજનું ઉત્થાન થઇ શકે. આજના કાર્યક્રમ બાબતે વીદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જણાતો હતો અને તેઓ દ્વારા આગામી દિવસો માં અન્ય નવા કાર્યો માં પણ તત્પરતા થી જોડાશે તેમ જણાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ ના સમાપન માં આભાર પ્રસ્તાવ ડો. પ્રકોશ નવલખા દ્વારા રજૂ કરવા માં આવ્યો હતો. કાર્યક્રમમાં કોલેજ ના તમામ અધ્યાપકો જોડાયા હતા.

સમગ્ર કાર્યક્રમ ડો. રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, પ્લેસમેન્ટ તેમજ ઉપાચાર્ય ડો. જયેશ તન્ના, NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

૧૮-૧૦-૨૦૨૦, રવિવાર

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજ NSS યુનિટના સ્વયંસેવકો દ્વારા કોવિડ-૧૯ મહામારી સામેની જંગ માટે પ્રતિજ્ઞા લેવાઈ



ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેકટર-૨૩માં આવેલી બીબીએ કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના ના સ્વયંસેવકો માટે કોવિડ મહામારી થી પોતે અને સમાજ ને કઈ રીતે બચાવવા તે બાબતે ભારત સરકાર અને માનનીય પ્રધાનમંત્રીના નિર્દેશ અનુસાર પ્રતિજ્ઞા લેવડાવવા માં આવી હતી કાર્યક્રમ માં કુલ ૧૫૦ વોલીયંટર્સ ઉપસ્થિત રહ્યા હતા.કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને ઉપરોકત ત્રાસદી સામે લડત આપવા ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ કોલેજના ઉપાચાર્ય ડો.જયેશ તન્ના સાહેબ વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી વિષય પર રસપ્રદ ભૂમિકા બાંધી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી. અને જરૂરી સંકલન કર્યું હતું. ત્યારબાદ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને આગામી કાર્યક્રમો ની રૂપરેખા આપી હતી તેમજ પ્રતિજ્ઞાનું વાંચન કરી વિદ્યાર્થીઓ ને શપથ લેવડાવી હતી.

વિદ્યાર્થીઓ માં અનેરો ઉત્સાહ જણાતો હતો અને તેઓ દ્વારા ઉપરોકત પ્રતિજ્ઞા નું સંપૂર્ણ પાલન પોતે કરશે તેમજ સમાજમાં જઈ લોકોને પણ આ બાબતે પ્રેરિત કરશે. તેમજ આગામી દિવસો માં અન્ય નવા કાર્યોમાં પણ તત્પરતાથી જોડાશે તેમ જણાવ્યુ હતું. સમગ્ર શપથગ્રહણ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ પણ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ બાબત યુનિવર્સિટી NSS વિભાગ ના હેડ રણછોડભાઈ રથવી નો સહકાર સાંપડ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ ડો.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજના ૨૫૦ વિદ્યાર્થીઓ આણંદની પ્રતિષ્ઠિત આર્કોગુલ પ્રા.લીની વર્ચ્યુયલ ઔદ્યોગિક મુલાકાતે

## સાંપ્રત સમયને અનુલક્ષીને વિદ્યાર્થીઓને ઓનલાઈન પદ્ધતિથી ઔદ્યોગિક મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા

ગાંધીનગર,તા. ૧૦

ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન(બીબીએ) કોલેજમાં વિદ્યાર્થીઓનાં સર્વાંગી ઘડતરમાં અભ્યાસનાં ભાગ રૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔદ્યોગીક ક્ષેત્રમાં ચાલતા વ્યહવારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે વિદ્યાર્થીઓએ અલગ અલગ બેચ મુજબ પ્રતિષ્ઠિત આર્કોગુલ કંપની ની ઓનલાઈન મુલાકાત લીધી હતી.

કંપની ફર્ટીલાઈઝરનું ઉત્પાદન તેમજ વિતરણ કરે છે.કંપની સીધી મુખ્ય વિતર્કો ને સપ્લાયનું કાર્ય કરે છે. તેમજ ખાદ્યતેલ ના પેકેજીંગ નું કાર્ય કરે છે. ત્રણ જીલ્લા ના મધ્યાહન ભોજન યોજના માટે કંપની ખાદ્ય તેલ નું વિતરણ કરે છે. તેમજ ૮ જીલ્લા માં સપ્લાય નું કાર્ય કરી રહી છે. સાથે સાથે કંપની એકદિવસ માં ૮૦ મેટ્રિક ટન સુધી પેકેજીંગ ની ક્ષમતા ધરાવે છે. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓએ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ.વિદ્યાર્થીઓ વિવિધ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ ની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવા માં આવ્યુ હતુ દરેક મશીનરી નાં [illegible]



વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. વિદ્યાર્થીઓ સમગ્ર વિઝિટ બાબતે ઉત્સાહિત હતા.તેમજ મુલાકાતના અંતે કંપનીના અધિકારીઓને પ્રશ્નો પૂછી તેના સંતોષકારક ઉત્તર મેળવ્યા હતા.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ દ્વારા 'કમ્યુનિકેશન સ્કિલ - બિઝનેસ બોડી લેન્ગ્વેજ' વિષય પર ઓનલાઈન વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૧

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેકટર-૨૩માં આવેલી બીબીએ કોલેજ ખાતે દ્વિતીય વર્ષ ના ૧૫૦ વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને આવકારવામા આવ્યા હતા તેમજ વર્કશોપમાં શીખવવામાં આવતી બાબત પર પૂરતું ધ્યાન આપી ઉપરોકત બાબતને પોતાની પ્રોફેશનલ લાઈફમાં સફળ બનાવવા માટે અમલ કરવા જણાવ્યુ હતું. મુખ્ય વકતા ધારા ઉનડકટ દ્વારા વિદ્યાર્થીઓને સફળ આંત્રપેન્યોર બનવા માટે બોડી લેન્ગ્વેજ તેમજ વ્યકિત ની ડ્રેસિંગ પદ્ધતિ કેવી રીતે ઉપયોગી થાય છે તે બાબત નું તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે વ્યકિત નું વર્તન ક્યાં સમયે કેવું હોવું જોઈએ તે જૂદા જૂદા પ્રસંગો મુજબ નું વર્તન, ડ્રેસિંગ સેન્સ બાકી ના વ્યકિતત્વ ને સ્પર્શતા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપ્યું હતું. સફળ કારકિર્દી ના ઘડતર માટે વિદ્યાર્થીઓ ને ઈફેકટીવ કમ્યુનીકેશન સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું તથા વિવિધ ઉદાહરણો દ્વારા સરળ તેમજ સફળ કમ્યુનીકેશન માટેની ટીપ્સ આપી હતી. કમ્યુનિકેશનના વિવિધ પ્રકાર અને તેમાં અસરકારકતા થી વ્યાવસાયિક જીવન માં આવતા હકારાત્મક પરીવર્તન તથા કમ્યુનિકેશન ની અંદર થતી ભૂલો ના દુષ્પરિણામો વિષે પણ તેમણે વિદ્યાર્થીઓ ને સહજતા થી સમજાવ્યું હતું. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ બાબતે તેમજ વિવિધ પરીક્ષાઓ માં પૂછવા માં આવતા અભ્યાસક્રમ બાબતે ઉપયોગી છણાવટ કરી હતી. સમગ્ર કાર્યક્રમ ડો.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો આશિષ ભુવા, ધર્મેન્દ્ર રાઠોડ,ડો.નીરવ જોશી,પ્રો.જાનકી દવે,પ્રો.નુપુર શ્રીવાસ્તવ તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.



ગાંધીનગર સમાચાર

# 'ઈમોશનલ ઈંટેલિજન્સ' વિષય પર બીબીએ કૉલેજ ખાતે ઓનલાઈન વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૩

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે દ્વિતીય વર્ષ ના ૧૫૦ વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવા માં આવ્યું હતું.

મુખ્ય વકતા ડૉ. પી ડી મોઢ દ્વારા વિદ્યાર્થીઓને આદીમાનવ થી લઈ આજ સુધી મનુષ્ય ના મષ્ટિકત માં આવેલ ફેરફાર અને તેના આધારે આપનું વિકસિત મગજ તેમજ કૉંશિયસ અને સબ્કૉંશિયસ માઈન્ડ ની વચ્ચે રહેલી બાબતો પર વિસ્તૃત છણાવટ કરી હતી.સાથેસાથે હ્દય ના કાર્યો તેમજ તેની સાથે જોડાયેલ પ્રેમ-લાગણી,હુંફ,ગુસ્સો જેવા લક્ષણો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. વિદેશ ના વાઈગ્નનીકો ના રિસર્ચ ને સરળ ભાષા માં રજૂ કર્યું હતું. ડિપોથીન નામના તત્વ ની વધઘટ તેમજ વિવિધ બીમરી પર ચર્ચા કરી વિદ્યાર્થીઓ ને ગુસ્સા પર કઈરીતે કાબૂ રાખવો તે સમજાવ્યું હતું. વળી વ્યકિત ની વિવિધ લાગણીઓ આવેગો ને સમજવા કરવા માં આવેલા પ્રયોગો અને રિસર્ચ વિદ્યાર્થીઓએ સમક્ષ રજૂ



કર્યા હતા. આમ વિષય નું તલસ્પર્શી માર્ગદર્શન વિદ્યાર્થીઓ ને આપ્યું હતું.સાથેસાથે વ્યકિત નું વર્તન કર્યા સમયે કેવું હોવું જોઈએ તે જૂદા જૂદા પ્રસંગો મુજબ નું વર્તન,બાકી ના વ્યકિતત્વ ને સ્પર્શતા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપ્યું હતું.સફળ કારકિર્દી ના ઘડતર માટે વિદ્યાર્થીઓ ને ઈમોશનલ ઈન્ટેલિજન્સસમજવા તેમજ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવ થી સરળ તેમજ સફળ કમ્યુનીકેશન માટેની ટીપ્સ આપી હતી.તેમજ વ્યકિત ના વર્તન પરથી તેનો પ્રભાવ અને અને તેની અસરો બાબતે વ્યકિતગત ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું.

ઈમોશનલ ઈંટેલિજન્સના વિવિધ પ્રકાર અને તેમાં અસરકારકતાથી વ્યાવસાયિક જીવન માં આવતા હકારાત્મક પરીવર્તન બાબતે સમજાવ્યું હતું. તેમજ વ્યકિત દ્વારા થતી ભૂલો ના દુષ્પરિણામો વિષે પણ તેમણે વિદ્યાર્થીઓને સહજતાથી સમજાવ્યું હતું.

મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સફળ ઑંત્રપેન્યોર બની શકે તે માટે તેમનો અભ્યાસક્રમ પણ તેમને ઉપયોગી થાય છે. સાથે સાથે વિદ્યાર્થીઓ ને તેમના લક્ષ્ય નિર્ધારણ માટે માર્ગદશન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના,ડોઆશિષ ભુવા,ધર્મેન્દ્ર રાઠોડ, ડો નિવેદિતા રાવલ પ્રો ગોપી પંડ્યા તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

# હાર્ટફૂલનેસ સંસ્થા દ્વારા આયોજિત 'ગોડ લવ સફળ જીવનની ચાવી' વિષય પર ત્રિ-દિવસીય ઓનલાઈન સેમિનાર






ગાંધીનગર, તા. ૨૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીપી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) નાં ૮૯૦ વિદ્યાર્થીઓ આ વર્કશોપ માં જોડાયા હતા. હાર્ટફૂલનેસ સંસ્થાના પ્રમુખ કમલેશભાઈ પટેલ કે જેઓ દાજીના હુલામણા નામથી સમગ્ર વિશ્વમાં જાણીતા છે તેઓ દ્વારા વ્યાવસાયિક જીવનમાં આગળ વધવા તત્પર વિદ્યાર્થીઓ ને મેડિટેશન દ્વારા શારીરિક તેમજ માનસિક રીતે સ્વસ્થ બનવા જણાવ્યુ હતું તેમજ મેડિટેશન એ સાંપ્રત કોવિડની પરિસ્થિતીમાં વ્યક્તિ ને મજબૂત માનસિક સ્વસ્થતા કેળવવા ઉપયોગી બનશે.

મુખ્યવક્તા તરીકે પ્રશાંત વાસુ ચેન્નઈથી ખાસ ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ યુવા વિદ્યાર્થીઓ ને મેડિટેશન એ મૂળભૂત શું છે કઈ અવસ્થા છે તે ખૂબ સરળ રીતે સમજાવ્યું તેમજ વિદ્યાર્થીઓને ધ્યાનનું જીવનમાં મહત્વ બાબત પર ઉપયોગી માહિતી આપી સાથે સાથે વિદ્યાર્થીઓ ને મુંજવતા પ્રશ્નો ના સંતોષકારક ઉત્તર પણ આપ્યા હતા. ધ્યાન બાબતે વિદ્યાર્થીઓ ને ઊંડી સમજ આપવા માં આવી હતી. જેમાં વ્યક્તિત્વ વિકાસ તેમજ પ્રોફેશનલ જીવનમાં આવતા પડકારો બાબતે ખૂબ ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. સાથેસાથે આધ્યાત્મિકતા ને અને વ્યક્તિગત જીવનમાં ઉપયોગી અનેક પાસાઓને સેશન દરમ્યાન સ્પર્શવામાં આવ્યા હતા.

કોલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ.જયેશ.જે.તન્ના, ડૉ.આશિષ ભુવા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજ દ્વારા 'કમ્યુનિકેશન સ્કિલ - બિઝનેસ બોડી લેન્ગ્વેજ' વિષય પર ઓનલાઈન વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કોલેજ ખાતે દ્વિતીય વર્ષ ના ૧૫૦ વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવા માં આવ્યું હતું.

મુખ્ય વકતા સઝીલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને સફળ આંત્રપ્રેન્યોર બનવા માટે માર્ગદર્શિત કર્યા હતા.સફળ કારકિર્દી ના ઘડતર માટે વિદ્યાર્થીઓ ને ઈફેકટીવ કમ્યુનીકેશન સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવ થી સરળ તેમજ સફળ કમ્યુનીકેશન માટેની ટીપ્સ આપી હતી.તેમજ વ્યક્તિ ના બોડી લેન્ગ્વેજ પરથી તેનો પ્રભાવ અને વ્યાવસાયિક જીવન માં તેનો પ્રભાવ બાબતે અનેક વ્યક્તિઓ ના ઉદાહરણ આપી વિદ્યાર્થીઓ ને રસપ્રદ રીતે સમગ્ર વિષય સમજાવ્યો હતો.

કમ્યુનિકેશન ની અંદર થતી ભૂલો ના દુષ્પરિણામો વિષે પણ તેમણે વિદ્યાર્થીઓને સહજતાથી સમજાવ્યું હતું. તેમજ કેટલાક પ્રાયોગિક ઉદાહરણો પણ અહીં આપ્યા હતા.મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સફળ આંત્રપ્રેન્યોર બની શકે તે માટે તેમનો અભ્યાસક્રમ પણ તેમને ઉપયોગી થાય છે. સાથે સાથે વિદ્યાર્થીઓ ને તેમના લક્ષ્ય નિર્ધારણ માટે માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના, ડૉ આશિષ ભુવા તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

# બીબીએ કોલેજ દ્વારા 'નાણાકીય સમાવેશનનો ખ્યાલ' વિષય અંતર્ગત ઓનલાઈન વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેશ એડ્મિનિસ્ટ્રેશન દ્વારા મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં તેમજ અભ્યાસ બાદ વ્યવસાય બાબતે નાણાકીય આયોજન અને તેના તમામ પાસાઓ નું જ્ઞાન હોવુ આવશ્યક છે. વ્યવસાયિક ક્ષેત્રમાં વૈશ્વિક આર્થિક પરિસ્થિતી ને અનુલક્ષી ને દરેક દેશ પોતાની આર્થિક નીતિઓનું નિર્ધારણ કરતું હોય છે. ત્યારે ઉપરોક્ત વિષય પર કોલેજ દ્વારા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કર્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિ સમગ્ર વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.પ્લેસમેંટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો જયેશ તન્ના દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન કરવા માં આવ્યું હતું તેઓ એ તજજ્ઞ વક્તા ડો.લીટી ડેનિસ નો પરિચય આપ્યો હતો. જેઓ સેંટ્રલ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે પ્રોફેસર તરીકે સેવાઓ આપી રહ્યા છે. વિદ્યાર્થીઓએ પોતાના કૌશલ્ય નિખાર તેમજ તેજસ્વીતા વધારી અર્થોપાર્જન ની દરેક પ્રવૃતિઓ હાથ ધરવા શિષ્ટાચારને ખૂબ મહત્વ આપવુ જોઈએ.

તથા તેમની અભ્યાસલક્ષી બાબતોને ધ્યાનમાં રાખી આયોજનબદ્ધ રીતે ફાયનાન્સિયલ બાબતોનું માર્ગદર્શન આપ્યુ હતુ. સંપૂર્ણ વર્કશોપ દરમ્યાન તમામ મહત્વની આર્થિક સંસ્થાઓ તેમજ ગુજરાત સરકાર અને ભારત સરકારની વિવિધ યોજનાઓ, બેંકિંગ માળખું,શેર સ્ટોકમાર્કેટ, મ્યુચ્યુઅલ ફંડ, ગ્રામીણ અને શહેરી અર્થતંત્ર જેવી બાબતો પર તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. અને વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ કરાવ્યો હતો. વિદ્યાર્થીઓને કોર્પોરેટ જગતનાં એટીકેટ્સ, ઔદ્યોગીક ક્ષેત્રે આવતા પડકારોને પંહોચી વળવા અનેક સુચનો કર્યા હતા. વર્કશોપને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડો રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો જયેશ જે તન્ના, ડો આશિષ ભુવા, ડો માર્ગી દેસાઈ, ડો અમિતા પ્રજાપતિ, ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા ખુબજ મહેનત કરી હતી.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ દ્વારા 'સ્વચ્છતા દિવસ'ની ઓનલાઈનના માધ્યમથી ઉજવણી કરાઈ

## બીબીએ કૉલેજના NSS યુનિટ દ્વારા "સ્વચ્છ ઘર સ્વસ્થ પરિવાર"ને ચરિતાર્થ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૯
કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા સ્વચ્છતા દિવસની ઉજવણી કરી અનુકરણીય ઉદાહરણ પૂરુ પાડ્યુ હતું. આ ના કાર્યક્રમમાં ૧૯૮ વિદ્યાર્થીઓ ઘરની સફાઈ કરી અને ઓનલાઈન માધ્યમથી કોલેજ સાથે જોડાયા. વિદ્યાર્થીઓમાં તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા અને "સ્વચ્છ ભારત શ્રેષ્ઠ ભારત" બનાવવા બીબીએનાં તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી રમાકાન્ત પૃષ્ટિ સંસ્થાનાં આચાર્યદ્વારા જણાવાયુ હતુ કે જીવન માં કોઈ કાર્યમાં નાનપ અનુભવાય નહી દરેક કાર્ય નું આગવુ મહત્વ હોય છે. તેવુ તેમજ સ્વચ્છતાનાં ફાયદા જણાવતા વધુમાં કહ્યુ હતુ કે આરોગ્યનાં પ્રશ્નોમાં પણ સ્વચ્છતા ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. તેમજ ત્યારબાદ વિદ્યાર્થીઓ તેમના રૂમ અભ્યાસ કરવાની જગ્યા, કપડાં તેમજ બુક માટેની તિજોરી. બેડશીટ્સ, બેઠક ખંડ, રસોડુ, સ્ટોર રૂમ, ધાબું, સીડી, કંપાઉન્ડ જેવી વિવિધ જગ્યાઓની ઉત્સાહ પૂર્વક અને કાળજી સાથે સફાઈ કરી. વિવિધ ભાગમાંથી કચરો ભેગો કર્યો. અત્રે કાર્યક્રમનું સંકલન ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને



વાપરાયેલી પ્લાસ્ટીકની પેન હોય તો કચરપેટીમાં ફેકવાના બદલે અમને આપો તેમજ તમારી આજુબાજુ પ્લાસ્ટીકનો કચરો તેમજ અન્ય કચરો ભેગો કરી અમને આપો. અને આ પ્લાસ્ટિક રિસાયકલિંગ માટે મોકલવા માં આવે તેમ જણાવ્યુ હતું. આમ દરેકે ઘરમાંથી ઘણોબધો કચરો ભેગો કરી વિદ્યાર્થીઓ એ ઉદાહરણ સ્થાપિત કર્યું. સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીઓ અભિભૂત થયા હતા. અને હતુ તેમજ હાલની પરિસ્થિતી યોગ્ય થાય ત્યારબાદ પોતના રહેણાક વિસ્તાર કે શાળા-કોલેજ અને અન્ય જાહેર સ્થળો જેવા કે રેલવેસ્ટેશન, બસસ્ટેશન, આરોગ્ય કેન્દ્ર જેવી જગ્યાઓ પર પંહોચી સફાઈ માટે લોકો ને જાગૃત કરવા નું સ્વીકાર્યુ હતુ. તેમજ પ્રદુષણ, ગ્લોબલ વોર્મિંગ જેવા અનેક આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પણ ગંદકી નાં કારણે ગંભીર બન્યા છે. જે બાબત ચિંતા ઉપજાવનારી છે.સમાજ નાં લોકો ને શહેરી વિસ્તાર જેમા સ્લમ એરિયા, ઔધોગીક વિસ્તાર, ચાલી, પોળ જેવા વિસ્તારોમાં લોકોને જાહેર સ્થળો પર તેમજ ઘરમાં પણ સફાઈની જાળવણી રાખવા જાગૃત કરીશુ. તેમજ ગ્રામ્ય વિસ્તાર માં ખુલ્લી ગટર, ખુલ્લામાં શૌચાલય નો ઉપયોગ ન કરતા અંડર ગ્રાઉંડ ગટર તેમજ, ગામમાં પાકા રસ્તા તથા શૌચાલય માટે સરકારી મદદ મેળવી સ્વચ્છતા જાળવવા પ્રયત્નો કરવા જોઈએ ઉકરડા રહેણાક વિસ્તારમાં ન નાખવા લોકોને સમજાવવા દરેક વ્યક્તિ એક પરિવાર ને અને પરિવાર મહોલ્લા ને તેમજ મહોલ્લો ગામ ને સુધારી શકશે અને સ્વચ્છ ગામ બનશે તો રાષ્ટ્ર પણ જરૂર થી સ્વચ્છ બનશે.

કોલેજ તરફથી આચાર્ય ડો.રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ ડો.જયેશ તન્ના, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ ડો આશિષબુવા, ડો નિવેદિતારાવલ, પ્રોગોપી પંડ્યા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળ બનાવવા માં આવ્યુ હતુ.

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૩૨ ટકા

# શહેરમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

## શહેરની સહકારી અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રજાસત્તાક દિન ઉજવણીમાં વિવિધ કાર્યક્રમો યોજાયા



### મધુર ડેરી

પ્રજાસત્તાક દિન નિમિત્તે મધુર ડેરી દ્વારા સંસ્થાના સંસ્કૃતિમેદાનમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સોશીયલ ડિસ્ટન્સ અને સરકારના નિયમો અનુસાર મધુર ડેરીના કર્મચારીઓ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં મધુર ડેરીના નિયામક મંડળ તથા સંઘના ચેરમેન ડો. શંકરસિંહ રાણાએ રાષ્ટ્રધ્વજ લહેરાવી સન્માનનીય સલામી આપી હતી. મધુર ડેરીના આ સુવર્ણજયંતિ વર્ષ નિમિત્તે આગામી પાંચ વર્ષના સર્વાંગી વિકાસના વિઝન વિશે સંસ્થા ના ચેરમેન દ્વારા છણાવટ કરવામાં આવી હતી.સંઘના મેનેજીંગ ડિરેકટર સહિત રોહિત મહેતાએ સેનાપતિ અને સૈનિકોના મજબૂત દળ સાથે મળી આગામી પાંચ વર્ષમાં ૧૫૦૦ કરોડના ટર્નઓવરનું મિશન હાંસલ કરવા સૌને પ્રોત્સાહન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન પરોક્યોરમેન્ટના જનરલ મેનેજરશ્રી હંસાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.





### શારીરિક શિક્ષણ વિભાગ સાદરા

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી છે સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ અને ગ્રામસેવા મહાવિદ્યાલયના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના નેતૃત્વમાં ખુબજ ધામધૂમથી આખા પરિસરના સેવકોએ ગણતંત્ર દિવસ ઉજવાયો હતો.




### કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ

"ભારતના બંધારણ ની મહત્તા અને શ્રેષ્ઠતા" વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઇ. ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ ના ૧૪૫ વિદ્યાર્થીઓ આજના કાર્યક્રમ માં ઓનલાઈન જોડાયા હતા.કાર્યક્રમ ની શરૂઆત આચાર્યશ્રી તેમજ ઉપાચાર્ય ની પ્રેરક ઉપસ્થિતિ માં થઈ હતી.આચાર્યશ્રી ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને પ્રજાસત્તાક દિવસ ની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ આજના કાર્યક્રમ માં વિદ્યાર્થીઓ તેમની કળા નું યોગ્ય રીતે પ્રદર્શન કરે તે માટે પ્રેરણા આપી હતી. સંસ્થાનાં આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિ નાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના,એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ, ડો.આશિષ ભુવા સહીત તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.



# બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરી હતી. વર્ષપર્યંત વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. જેમાં કોલેજ ના ત્રણે વર્ષના કુલ ૭૨ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. સાંપ્રત પરિસ્થિતી ના કારણે વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે. ત્યારે  ઘરે થી જ વિદ્યાર્થીઓ એ ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ માં શિક્ષક તરીકેની સુંદર ભૂમિકા ભજવી અનોખો અનુભવ મેળવ્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં આપણે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુવંદના થકી ગુરુજનોને યાદ કરી એ છીએ ત્યારે શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ પોતાના આદર્શ શિક્ષક ને યાદ કરી તેના જેવી ભૂમિકા ભજવવા સાદર પ્રયત્ન કરે છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ
# એનએસએસ યુનિટ દ્વારા શહિદ દિવસે શ્રધ્ધાંજલિ સભ

## આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે કાર્યક્રમોની શૃંખલ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) કોલેજ ના વિદ્યાર્થીઓ શહિદ દિવસ નિમિત્તે કોલેજ ખાતે વીરાંજલી કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ બાબતે આચાર્યશ્રી ડો.રમાકાંત પૃષ્ટિ નું માર્ગદર્શન મળ્યું હતું. વિદ્યાર્થીઓએ સુંદર ગીત તેમજ વકતાવ્યો દ્વારા વીરરસની વાતો રજુ કરી તેમજ કાશ્મીર સમસ્યા અને શહીદો ના વિવિધ પ્રસંગો યાદ કર્યા. અખંડ ભારતની પરિકલ્પના તેમજ ભારતને વિશ્વ ગુરુ તરીકે પ્રસ્થાપિત કરવાની નેમ ચોક્કસ આવનાર સમયમાં ફળીભૂત થશે તેવી લાગણી સ્પષ્ટ રૂપે જોવા મળતી હતી. અનેદેશ માટે કંઈક કરી છુટવા



લાગણી વિદ્યાર્થીઓએ વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની રાષ્ટ્ર પ્રત્યેની ઊંડી ની તત્પરતા બળવત્તર જોવા મળતી હતી. દ્વિતીય વર્ષ ના આદિત્યસિંહ જાડેજા એ સૌરાષ્ટ્ર ની આગવી શૈલી માં દુહા અને છંદ થી વાતા વીરરસ સભર બનાવ્યું હતું. દ્વિ વર્ષમાંથી શ્રુષ્ટિ પટેલ, પીપળીયા,માહી મોદી, પ્રજાપતિ તેમજ પ્રથમ વર્ષ ચિરાગ ચૌધરી, બ્રિજેશ હિતેશ જોશી, ચૌહાણ ચંદ્ર નિકિતા એમ કુલ ૧૦ વિદ્યાર્થી ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ સ બનાવવા માટે સંસ્થાનાં આ ડૉ.રમાકાન્ત પૃષ્ટિના માર્ગ હેઠળ પ્લેસમેંટ અને ટ્રે સમિતિના ઈન્ચાર્જ ડૉ.જયેશ તેમજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ જહેમત ઉઠાવવામાં આવી


S.K.
NAGEMENT


FAREWELL

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજ દ્વારા આંત્રપેન્યોર બનવા માટે યોજાયેલ વર્કશોપ

ગાંધીનગર, તા.૨૩
શહેરની બી.પી.કોલેજ ઓફ બીઝનસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વર્કશોપની સીરીઝની શરૂઆત કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે આજે દ્વિતિય વર્કશોપ યોજાયો હતો. જેમાં સંગીનીતા ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન દિનેશસિંહ ચાવડા કે જેઓએ ફોરેસ્ટ અધિકારી તરીકે પણ સેવાઓ આપેલી છે તેમણે વિદ્યાર્થીઓને સફળ ઉદ્યોગ સાહસિક બનવા માટે ખુબ સુંદર માર્ગદર્શન આપ્યું હતું. અને

મેનેજમેન્ટ ક્ષેત્રના વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સફળ વ્યવસાયી બનવા માટે સૌ પ્રથમ પરિવાર સાથેના



સંબંધો તેમજ તેનું યોગ્ય મેનેજમેન્ટ

વ્યવસાયિક અર્થે નવા સંબંધો વિકસાવવા તેમજ તેને જાળવવા જરૂરી છે જેથી તમારા વ્યવસાયનો પાયો મજબુત બની શકે. કોઈ પણ

સફળતા સુધી પહોંચી શકે. તેમણે જણાવ્યું કે આજના સ્પર્ધાત્મક સમયમાં તમારી પ્રોડકટ કે સેવામાં નવીનતા નહિ જોવા મળે તો તમે

નહિ થઈ શકો.

સફળ ઉદ્યોગ સાહસિક બનવા માટે આપનું સ્વાસ્થ્ય જો સારું હશે તો આપ ખંતપૂર્વક આપના કાર્યોને

ઉદ્યોગ સાહસિકને ભંડોળ કયાંથી મેળવવું તે બાબતે બેંકની વિવિધ યોજનાઓ, ગુજરાત સરકાર તેમજ ભારત સરકારની વિવિધ યોજનાઓ તેમજ સ્ટાર્ટઅપ ઈન્ડિયા મેક ઈન ઈન્ડિયા જેવી જાણીતી યોજનાઓ વિષે માહિતી મેળવી યુવા ઉદ્યોગ સાહસિક તરીકે તેનો લાભ મેળવવો જોઈએ.

સમગ્ર વર્કશોપ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ, ટ્રેનીંગ તેમજ પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા સહીત સમગ્ર ટીમ દ્વારા સફળ

# બીબીએ કોલેજના NSS યુનીટ ના વિદ્યાર્થીઓ દ્વારા પુલવામાંમાં શહીદ થયેલા જવાનો માટે શ્રધાંજલિ સભા






ગાંધીનગર, તા.૧૪

બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) કોલેજ ના વિદ્યાર્થીઓ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ માટે એકત્રિત થયા હતા. અત્રે શહીદો ના વિવિધ પ્રસંગો યાદ કરી શહીદોને વિનમ્ર શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીબીએ કોલેજના NSS યુનીટ ના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

કોલેજના ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને એક સૈનિક ના જીવન માંથી પ્રેરણા લઈ શિસ્ત અને ધ્યેય માટેની કર્તવ્ય પરાયણતા શીખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની રાષ્ટ્ર પ્રત્યે ની ઊંડી લાગણી સ્પષ્ટ રૂપે જોવા મળતી હતી. અને દેશ માટે કંઈક કરી છુટવા ની તત્પરતા બળવત્તર જોવા મળતી હતી. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈંચાર્જ ડો.જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગાંધીનગર ભાસ્કર

દિવ્ય ભાસ્કર

કલોલ • માણસા | પેથાપુર • દહેગામ

## BBA કોલેજના 200 વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન તાલિમ આપવામાં આવી

# વિદ્યાર્થીઓને ભણતર સાથે ગણતર સુત્રની તાલિમ આપવામાં આવી



# બેંકિંગ ક્ષેત્રે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ





ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ કેમ્પસ ખાતે આઈટીએમ સ્કીલ એકેડેમીના સહયોગથી દેશની નામાંકિત બેંક આઈસીઆઈસીઆઈ તેમજ કોટક મહિન્દ્રા તથા એન.જે. ઈન્ડિયા પ્રા.લિ. કંપની વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપવા માટે આવ્યા હતા. જેમાં કોલેજના ૭૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોડાયા હતા. બીબીએ કોલેજ વતી ડૉ. જયેશ તન્ના દ્વારા કંપનીના પ્રતિનિધિઓને પ્રી પ્લેસમેન્ટ ટ્રેનીંગ માટે આવકારવામાં આવ્યા હતા. કંપની પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને પ્રી પ્લેસમેન્ટ તાલીમ આપી હતી.

આઈટીએમ સ્કીલ એકેડેમી આસીસ્ટન્ટ જનરલ મેનેજર અમિત સકસેના તેમજ પ્રહલાદ નાઈ, રાજીવ ક્ષત્રીય સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ઉપસ્થિત રહ્યા હતા. એકેડેમીના આસીસ્ટન્ટ જનરલ મેનેજરે જણાવ્યું કે તેઓએ ઉપરોક્ત બંને બેંકમાં ૨૦,૦૦૦ જેટલા ઉમેદવારોને પસંદ કર્યા છે. આજના પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ૨૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. જેમાં આઈસીઆઈસીઆઈ બેંકમાં પહેલા ઓનલાઈન ટેસ્ટ અને ફાઈનલ ઈન્ટરવ્યુ બાદ પસંદગી પામેલ ઉમેદવારને રાયપુર ખાતે ટ્રેનીંગ માટે મોકલવામાં આવશે. જયારે કોટક મહેન્દ્ર બેંકમાં પસંદ થયેલ વિદ્યાર્થીઓ પ્રથમ પર્સનલ ઈન્ટરવ્યુ તેમજ ત્યારબાદ ફાઈનલ ઈન્ટરવ્યુ યોજશે અને તેમાં પસંદ થયેલ ઉમેદવારોને બેંગલોર ખાતે ટ્રેનીંગ માટે મોકલવામાં આવશે તેમજ એન.જે. ઈન્ડિયા ઈન્વેસ્ટ પ્રા.લિ.ના પ્રતિનિધિ પરીન છાયા તેમજ પ્રિયંકા વ્યાસ પણ પ્લેસમેન્ટ માટે કોલેજ ખાતે આવ્યા હતા કે જેઓ આ બીબીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે જે કોલેજ માટે ગૌરવની બાબત છે. તેઓએ વિદ્યાર્થીઓને પ્રાઈવેટ સેકટરમાં કારકીર્દી ઘડતરની અપાર તકો તેમજ ખુબ ઝડપથી સફળ બનવા માટેના સૂચનો કર્યા હતા તેમજ ૨ ઉમેદવારોની પસંદગી તેમની કંપની માટે કરી હતી. પસંદગી પામેલા વિદ્યાર્થીઓને રૂ. ૨૫૦૦૦થી ૨૭૦૦૦ સુધીના વાર્ષિક પેકેજની ઓફર કરવામાં આવી છે.

સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવ કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના અને પ્રો. આશિષ ભુવા દ્વારા કરી સફળ બનાવવામાં આવી હતી.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકારવા "પ્રારંભ" કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ) કોલેજ દ્વારા સતત ૧૮ મી બેચ મેનેજમેન્ટ સ્નાતક બનવા માટે પ્રવેશ મેળવેલ છે તે વિદ્યાર્થીઓનું સ્વાગત કરવા કાર્યક્રમનું અદભુત આયોજન થયુ હતું.

કાર્યક્રમની શરૂઆત આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સંસ્થા- સર્વ વિદ્યાલય કેળવણી , યુનિવર્સીટી- કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ કોલેજ- બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનનો સઘસ્પર્શી પરિચય આપ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે ઉત્સાહિત કર્યા હતા અને વિદ્યાર્થીઓને કોલેજની ગૌરવશીલ બાબતોને ધ્યાનમાં રાખી સફળ બનવા પ્રેરણા આપી હતી. ઉપાચાર્ય ડૉ.જયેશ તન્નાએ કાર્યક્રમનાં મહેમાન કૃષ્ણકાંત જહા અને મુખ્ય વક્તા અર્ચન ત્રિવેદીને આવકારી તેઓનો પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો. ડૉ.નીરવ જોશી દ્વારા સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમ બાબતે છેલ્લા એક સપ્તાહથી વિદ્યાર્થીઓ સાથે મળી તૈયારીઓ શરૂ કરી હતી તેમજ તેમને રજૂઆત બાબતે જરૂરી સૂચનો આપ્યા હતા.

સાંપ્રત સમયમાં જ્યારે રાષ્ટ્ર ભાવનાની દરેક નાગરિકોમાં જાગૃત કરવી સમયની માંગ બની છે. ત્યારે કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને આજનાં સમયમાં અન્ય કોલેજો દ્વારા ફક્ત નાચ-ગાન તેમજ ફક્ત આનંદ-પ્રમોદ મળે તેવી બાબતોજ ધ્યાનમાં રખાય છે તેમજ સમાજ ઉપયોગી મુદ્દાઓ નજર અંદાજ થાય છે. ત્યારે બી.બી.એ કોલેજનો આ પ્રયત્ન ને શિક્ષણ જગત તેમજ સમાજ ચોક્કસ બીરદાવશે. તેમજ આવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના ઉજાગર કરી શકાય અને વિદ્યાર્થીઓ દ્વારા કોલેજનાં નિર્ણયને વધાવતા રાષ્ટ્રપ્રેમથી તરબોળ રજૂઆતો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી જેમાં દ્વિતિય અને તૃતિય વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા ખુબ સુંદર રજૂઆતો તેમના પ્રથમ વર્ષનાં મિત્રોનાં સ્વાગત માટે કરવામાં આવી હતી. તેમજ કોલેજમાં પ્રવેશ



મેળવનાર નવા વિદ્યાર્થીઓએ પણ રાષ્ટ્રભક્તિથી તરબોળ ધમાકેદાર રજૂઆતો કરી હતી.

કુલ પાંચ અલગ-અલગ પ્રકારની સફળ રજૂઆત વિદ્યાર્થીઓ દ્વારા થીમ "મેરા દેશ મહાન" અંતર્ગત કરવામાં આવી જેમાં ડાન્સિંગ, સિંગિંગ, એક્ટિંગ, એન્કરીંગ, વેરાઈટીમાં વિદ્યાર્થીઓએ પોતાની સખત મહેનતથી સુંદર કલાનાં દર્શન શ્રોતાઓને કરાવ્યા હતા. જેમાં બે અલગ-અલગ સ્પર્ધાઓ જેમાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે "મી. પ્રારંભ" તેમજ "મિસ પ્રારંભ" તરીકે પસંદગી પામી પ્રશસ્તિપત્ર તેમજ ટ્રોફી મેળવી હતી.

સીનીયર વિદ્યાર્થીઓને બેસ્ટ ઓવેરઓલ પરફોર્મન્સ માટે પ્રશસ્તિપત્ર તેમજ ટ્રોફી આપાઈ હતી. જે અંતર્ગત પ્રથમ વર્ષનાં કુ. ડોલી શર્મા તેમજદર્શન ઠક્કરને પ્રથમ વર્ષમાંથી મિસ પ્રારંભ તેમજ મી પ્રારંભ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમજ સીનીયર વિદ્યાર્થીઓમાં શ્રી હંસરાજ રાઠોડ "બેસ્ટ ઓવર ઓલ પરફોર્મન્સ" માટે પસંદગી પામ્યા હતા. કુલ ૬૦ વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જ્યારે ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને યુવાધનને સમાજ ઉપયોગી કાર્ય કરવા હકારાત્મક વિચારો મળે તે માટે મુખ્ય વક્તા તેમજ ગુજરાતી ફિલ્મ જગતનાં જાણીતા કલાકાર અર્ચનભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓને યુવા તરીકે પોતાની ઓળખ ને રાષ્ટ્ર માટે કંડારવા પ્રેરણા આપી હતી. તેમજ આ સમારોહ નાં મુખ્ય મહેમાન દ્વારા પણ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન કરાયું હતું. જેમાં તેમણે વિદ્યાર્થીઓને સંઘર્ષ માટે તૈયાર રહેવા તેમજ સંઘર્ષ થકી જ યુવાઓ જીવનમાં આગળ આવી શકે તેની સમજ આપી હતી. તેમજ પોતાના વિદ્યાર્થીકાળનાં અનુભવો વિદ્યાર્થીઓ સમક્ષ મુક્યા હતા. જેથી વિદ્યાર્થીઓને તેમના જીવનમાં આવનાર પડકારો બાબતે આગાહ કર્યા તેમજ તેને કઈ રીતે સફળતાપૂર્વક હલ કરી શકાય તે માટે પ્રેરક સૂચનો કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ થયું હતું. ફોર્મલ કાર્યક્રમનું સંચાલન ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના દ્વારા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન ડૉ.નીરવ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા કોલેજનાં શૈક્ષણિક તેમજ બીન-શૈક્ષણિક કર્મચારીઓએ ખુબ જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર સમાચાર

# બીબીએના વિદ્યાર્થીઓનું સમર ઈન્ટર્નશીપમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે બહુમાન

ગાંધીનગર, તા. ૧૯
કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર ની બી. બી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) નાં વિદ્યાર્થીઓ "સ્વરા ગાઈડ" નો પ્રોજેક્ટ હાથમાં લઈ ૩૦ દિવસની "સમર ઈન્ટર્નશીપ" તાલીમમાં જોડાયા હતા. આ તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓ ગાંધીનગર સ્થિત વિવિધ કોમર્શિયલ ઝોનમાં જઈ "સ્વરા ગાઈડ" ડિરેક્ટરીની માહિતી આપવાનું કાર્ય કર્યું હતું.

આ ઈન્ટર્નશીપ દરમ્યાન તેઓમાં અસરકારક પ્રેઝન્ટેશન, અસરકારક કોમ્યુનીકેશન, પ્લાનિંગ કો-ઓર્ડીનેશન, ગોલ એચિવમેન્ટ એનાલીટિકલ. આઈ.ટી. તેમજ ઓર્ગેનાઈઝેશન સ્કિલ્સ, સંચાલન અને વહીવટ શીખવા અનેક સ્કિલ્સનું ડેવલોપમેન્ટ થયું હતું. સ્વર અંબીકા ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડનાં ડિરેક્ટર શ્રી વિજયભાઈ પટેલ કે જેઓ છેલ્લા ૨૦ વર્ષથી સ્વરા ગાઈડ બિઝનેસ ટેલીફોનિક ડિરેક્ટરીનું સંકલન કરી માહિતી પ્રદાન કરે છે તેમણે આ બહુમાન હોટેલ ૫૯ ઓગનાં સહયોગથી હોટેલ ૫૯ ઓગ ખાતે આયોજિત કર્યો હતો. જેમાં બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ સંપૂર્ણ થયાનું સર્ટિફિકેટ અને બહુમાનપત્રક આપવામાં આવ્યા હતા. સ્વર અંબીકા ઈન્ફોટેક પ્રાઈવેટ



લિમિટેડનાં મેનેજીંગ ડિરેક્ટર શ્રી વિજયભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં પોતાનો અભિપ્રાય આપી જણાવ્યું કે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓએ તેમનો ૩૦ દિવસનો ઈન્ટર્નશીપ પ્રોજેક્ટ ૨૦ દિવસમાં સફળતા પૂર્વક સંપૂર્ણ મહેનત અને ખંત સાથે સંપૂર્ણ કરી અને બાકીનાં દિવસ દરમિયાન એકત્ર કરેલી માહિતીને ગોઠવવા માટેની મદદ પણ સ્વરા ગાઈડને કરી હતી અને સાબિત કર્યું હતું કે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ જ્ઞાનની સાથે સાથે આઈ.ટી. જ્ઞાનનું પણ કૌશલ્ય ધરાવે છે. સ્વર અંબીકા ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડનાં સીઈઓ કેતનભાઈ પટેલે જણાવ્યું કે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા સફળતા પૂર્વક આ પ્રોજેક્ટનું સમાપન એ સૂચવે છે કે કોલેજે વિદ્યાર્થીઓને ખરેખર ક્લાસરૂમ અભ્યાસની સાથે સાથે કોર્પોરેટ જગત માટે જરૂરી પ્રેક્ટીકલ તાલીમ પણ આપેલ છે. કોલેજનાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ સાહેબે જણાવ્યું કે આ ઈન્ટર્નશીપ વિદ્યાર્થીઓને આગળ ઘણી રોજગારીની તકો સર્જશે અને તેના માટે પાયારૂપ સાબિત થશે. કોલેજનાં પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ કમિટિ નાં હેડ ડૉ. જયેશ તન્ના સાહેબે જણાવ્યું કે આ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓને એક સારા કોર્પોરેટ સિટિઝન બનાવશે અને કોર્પોરેટ જગતમાં તેના પરિવાર, કોલેજ અને રાષ્ટ્રનું ગૌરવ વધારશે. ૫૯ ઓગનાં મેનેજર શ્રી રેશમાબેને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ સમગ્ર પ્રોજેક્ટનાં સ્ટુડન્ટ લીડર આશુતોષ અને વિજય ચૌધરીએ જણાવ્યું કે તેઓ ખરા અર્થમાં સંચાલનનાં પાઠ આ પ્રોજેક્ટ દરમિયાન ભણ્યા હતા અને બધા વિદ્યાર્થીઓ વતી શિક્ષકોએ તેનો અનુભવ અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ સમગ્ર ઈન્ટર્નશીપ ડ્રાઈવ આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ, ટ્રેનિંગ કમિટિનાં હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. આશિષ બુચ અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવી હતી.

ગાંધીનગર સમાચાર

# આધ્યાત્મિક પ્રવાસ સાથે વિદ્યાર્થીઓનું વૃક્ષારોપણ





ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સ્થિત બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજના ૩૨૦ વિદ્યાર્થીઓએ ત્રિમંદિર અડાલજની એક દિવસીય મુલાકાત લીધી હતી. નાથાભાઈ પટેલે વિદ્યાર્થીઓને મંદિર પરિસરમાં આવકાર્યા હતા. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ દર્શન તેમજ આધ્યાત્મિક પ્રવચનનો લાભ લીધો હતો. ડો. અજીતભાઈ જાનીએ ત્રિમંદિર બનાવવાનો ઉદ્દેશ તેમજ તેના પ્રણેતા દાદા ભગવાન, નીરુમા તેમજ દીપકભાઈનો વિદ્યાર્થીઓને પરિચય આપ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ મંદિર પરિસરમાં પવિત્ર, સ્વાદિષ્ટ અને સાત્વિક ભોજનનો આનંદ મેળવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થી સંયોજક તરીકે દેવાંગ પટેલ તેમજ જય પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિએ સમગ્ર કાર્યક્રમ બાબતે સ્ટાફ મિત્રોને માર્ગદર્શન આપ્યું હતું તેમજ વિદ્યાર્થીઓની સાથે પ્રવાસમાં ઉપસ્થિત રહી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમ ડો. રમાકાંત પૃષ્ટિ, ઉપાચાર્ય ડો. જયેશ તન્ના, પ્રો. આશિષ ભુવા, ધર્મેન્દ્ર રાઠોડ તેમજ અંજના ચાવડા દ્વારા ખંતપૂર્વક આયોજન કરી સંપન્ન કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

# બીબીએના વિદ્યાર્થીઓએ સિવિલ ડિફેન્સની તાલીમ મેળવી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજના ૯૪ વિદ્યાર્થીઓએ પાંચ દિવસની સિવિલ ડિફેન્સ ટ્રેનીંગ મેળવી હતી. જેમાં કોલેજ સમય બાદ સરકારના તજજ્ઞ અધિકારી વિદ્યાર્થીઓને સિવિલ ડિફેન્સના જુદા જુદા પાસાઓ બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપતા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ તેમજ ડૉ. જયેશ તન્ના તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, દિલીપભાઈ પટેલ, પોલીસ ઈન્સ્પેકટર રાઠોડ સાહેબ તેમજ વનશ્રી સંસ્થાના મહાવીર નિમાવત અને અંજના નિમાવત ઉપસ્થિત રહ્યા હતાં.

ડૉ. જયેશ તન્નાએ સિવિલ ડિફેન્સની તાલીમ લેતા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આ તાલીમ ત્યારે જ સફળ બની શકે જયારે વિદ્યાર્થીઓમાં સમાજને કંઈક આપવાની ભાવના ઉભી થાય. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમની ગંભીરતા સમજી રાષ્ટ્ર નિર્માણના કાર્ય માટે લાગી જવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.

અન્ય મહાનુભાવો દ્વારા પણ વિદ્યાર્થીઓને એક જાગૃત નાગરિક બનવા માટેની પ્રેરણા આપવામાં આવી હતી. જેમાં કોઈ પણ રાષ્ટ્રીય કે પ્રાદેશિક સમસ્યા વખતે સામાન્ય નાગરિકની શું ભૂમિકા હોય છે તેમજ



તેઓ કઈ રીતે તેમના રાષ્ટ્ર પ્રત્યેની ફરજ એક જાગૃત નાગરિક તરીકે નિભાવી શકે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કુદરતી આપત્તિઓ જેવી કે પુર, દુષ્કાળ, વાવાઝોડું, ભૂકંપ જેવી પરિસ્થિતિમાં નાગરિકોનો બચાવ કઈ રીતે કરી શકાય તેમ તેમના બચાવ માટેની પ્રેક્ટીકલ તાલીમ પણ તેઓને તાલીમ દરમિયાન આપવામાં આવી હતી.

સમગ્ર તાલીમ પાંચ દિવસ સુધી કેમ્પસ ખાતે ચાલી હતી. જેમાં વિદ્યાર્થીઓને ખુબ ઉપયોગી ટ્રેનીંગ આપવામાં આવી હતી. તાલીમ બાદ તમામ વિદ્યાર્થીઓની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ઉત્તીર્ણ થયા બાદ તાલીમ મેળવેલ તમામ વિદ્યાર્થીઓને ગુજરાત સરકાર તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે જે પ્રમાણપત્ર વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટે ઉપયોગી સાબિત થશે.

કોલેજ તરફથી સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. શીતલ પટેલ દ્વારા તાલીમ વર્ગનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર ભાસ્કર

દિવ્ય ભાસ્કર

અમદાવાદ, બુધવાર, 24 ઓગસ્ટ, 2016 | કલોલ • માણસા | પેથાપુર • દેહગામ | શ્રાવણ વદ-7, વિક્રમ સંવત 2072


**કારકિર્દી પડઘમ** કડી બી.બી.એ કોલેજ નાં 75 વિદ્યાર્થીઓએ રાજકોટ બાલાજી વેફર્સ પ્રા.લી. ની ઔદ્યોગિક મુલાકાત લીધી

# છાત્રોનો ઉદ્યોગ સાહસિક સાથે મહત્વપૂર્ણ પરામર્શ



[illegible]

# સફળ બનવું હોય તો પહેલાં સારા નાગરિક બનો



## બાલાજી વેફર્સના માલિક ચંદુભાઈ વિરાણીએ વિદ્યાર્થીઓને સફળતાનું રહસ્ય સમજાવ્યું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓ અભ્યાસકની સાથે સાથે પ્રાયોગિક તાલીમ મેળવવા માટે ડિગ્રી કોર્સના ત્રણ વર્ષના અભ્યાસક્રમ દરમ્યાન કુલ ૯ વખત વિવિધ નામાંકિત ઉદ્યોગગૃહની મુલાકાતે જાય છે. તેમજ ત્યાં ઉદ્યોગની સ્થાપનાથી લઈ સાંપ્રત સમયમાં તેને સ્પર્શતા તમામ મુદ્દાઓનું અવલોકન કરે છે. અને ભવિષ્ય માં જે તે વ્યવસાય સામે આવનાર પડકારો બાબતે અભ્યાસ થાય છે.

ચાલુ શૈક્ષણિક સત્રમાં તૃતીય વર્ષ નાં ૭૫ વિદ્યાર્થીઓ ભારત ની નામાંકિત નમકીન માટે જાણીતી કંપની બાલાજી વેફર્સ પ્રા. લિ.ની મુલાકાતે રાજકોટ ખાતે ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બાલાજી વેફર્સ પ્રા. લિ. હાલ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ ગોવા જેવા પ્રદેશોમાં ખૂબ નામના ધરાવે છે. તેમજ કંપનીનું વિસ્તરણ ગુજરાતમાં રાજકોટ,વલસાડ તેમજ મધ્યપ્રદેશમાં ઈન્દોર ખાતે કરવામાં આવ્યું છે. અને ખુબ નાના પાયા સફળતાપૂર્વક પહોંચી છે. કંપનીની લગભગ ૧૩ જેટલી જુદી જુદી નમકીનની વેરાઈટી બજાર માં ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓએ કંપનીમાં ઉત્પાદનથી લઈ તેના વેચાણ, તેની ગુણવત્તાની જાળવણી જેવી તમામ બાબતોનું પ્રત્યક્ષ અવલોકન કર્યું તેમજ પ્લાન્ટની મુલાકાતની સાથે સાથે વિવિધ અધિકારીઓ સાથે પ્રશ્નોતરી કરી અને તેના સંતોષજનક જવાબ મેળવ્યા હતા. ત્યારબાદ કંપનીના માલિક ચંદુભાઈ વિરાણી સાથે મુલાકાત કરવાની સુવર્ણ તક કર્યું હતું અને પોતાના અનુભવ જણાવ્યા હતા તેમજ વિદ્યાર્થીઓના તમામ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપ્યા હતા. કંપનીના ભાવી આયોજન તેમજ પર્યાવરણ બાબતે કરવામાં આવી રહેલ કાર્યોની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ ને સફળ બનવું હોય તો પહેલા સારા નાગરિક બનવાની શીખ આપી હતી. સમગ્ર વિઝિટ નું આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ સમિતિના હેડ ડો. જયેશ તન્ના તેમજ ડો. નીરવ જોશી,

ગાંધીનગર સમાચાર

# સેલ્સ ઈન્ડિયા નોન-બેકિંગ ફાઈનાન્શીયલમાં બીબીએના વિદ્યાર્થીઓનું ઈન્ટેનશીપ પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓની ઈન્ટેનશીપ માટે કોલેજ ખાતે અદભુત કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે પ્રેક્ટિકલ જ્ઞાન સાથે ૭૦૦૦ રૂપિયા જેટલું માતબર સ્ટાઈપેન્ડ મેળવશે અને આ ૩૦ દિવસમાં તાલીમ મેળવી મેનેજમેન્ટ અભ્યાસક્રમ સાથે સાથે પ્રેક્ટિકલ જ્ઞાન મેળવવાના અભિગમનો સદુપયોગ કરશે.

વિદ્યાર્થીઓ ઈન્ટેનશીપ દરમિયાન માર્કેટિંગ તેમજ ફાઈનાન્સ ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે જાણીતી કંપની સેલ્સ ઈન્ડિયામાં વિવિધ પાસાઓ સમજી સામાન્ય ઉપભોક્તાને તેના વિષે સાચી સમજ આપશે. સાંપ્રત સમયમાં જન માનસ પર મેનેજમેન્ટ બાબતે અનેક ભ્રાંતિ જોવા મળે છે ત્યારે માર્કેટિંગ તેમજ બિઝનેસ મેનેજમેન્ટ એડમિનીસ્ટ્રેશન બાબતે લોક જાગૃતિ અનિવાર્ય છે.

કંપનીનો પરિચય આપતા મેનેજર વિરલ શાહ એ જણાવ્યું હતું કે સેલ્સ ઈન્ડિયાની સ્થાપના ૧૯૭૧માં અમદાવાદ ખાતે



કરવામાં આવી હતી. આજે દેશની પ્રતિષ્ઠિત કંપની બનેલ સેલ્સ ઈન્ડિયાના ૨૩ સ્ટોર્સ તેમજ ૭ વેરહાઉસ આવેલા છે. કંપની ૫૦૦થી વધારે કર્મચારીઓ ધરાવે છે. ગુજરાતની પ્રતિષ્ઠિત કંપનીમાં બીબીએના વિદ્યાર્થીઓ ફાઈનાન્સ તેમજ માર્કેટિંગ બાબતોની પ્રાયોગિક તાલીમ મેળવશે. જેમાં કંપનીના એચ.આર. મેનેજર વિરલ શાહ તેમજ સીનિયર મેનેજર પંકિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ તરફથી ડૉ. જયેશ તન્ના દ્વારા મેનેજર વિરલ શાહ તેમજ સિનિયર મેનેજર પંકિત શાહને આવકાર્યા હતા. કંપની પ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રી-ઈન્ટેનશીપ તાલીમ અપાઈ હતી અને ત્યારબાદ તેઓના પર્સનલ ઈન્ટરવ્યુ લીધા હતા. કંપની દ્વારા વિદ્યાર્થીઓને પસંદગી બાદ તાલીમ આપવામાં આવશે.

સમીપ વર્ષના ૩૧ વિદ્યાર્થીઓ સમર ઈન્ટેનશીપ માટે કોલેજ ખાતે યોજાયેલ ઈન્ટેનશીપ ડ્રાઈવમાં જોડાયા હતા જેમાંથી ૨૭ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવાયા હતા અને તમામ પસંદગી પ્રક્રિયા બાદ ૧૨ વિદ્યાર્થીઓ પસંદ થયા હતા જે કોલેજ માટે ગૌરવની બાબત છે.

કોલેજ તરફથી ઈન્ટેનશીપ પ્લેસમેન્ટ ડ્રાઈવને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. આશિષ ભટ્ટએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# સ્વ. વિઠ્ઠલભાઈ પટેલના જન્મદિને બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ વિધાનસભા સંકુલની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા ગુજરાતનાં પનોતા પુત્ર તેમજ ભારતનાં જાણીતા ધારાશાસ્ત્રી તેમજ રાજકીય આગેવાન વિઠ્ઠલભાઈ પટેલ નાં જન્મદિવસની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓની વિધાનસભા સંકુલની મુલાકાત કાર્યક્રમમાં ગુજરાતનાં મુખ્યમંત્રી માનનીય વિજયભાઈ રૂપાણી ની પ્રેરક ઉપસ્થિતિથી વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે વિઠ્ઠલભાઈ બાબતે અનેક જાણકારી મેળવી હતી.

વિઠ્ઠલભાઈ પટેલનો જન્મ નડિયાદ ખાતે થયો હતો. તેઓશ્રી ઈંગ્લેન્ડમાં બેરિસ્ટર બન્યા બાદ ભારત આવ્યા અને ભારતમાં ગોધરા તેમજ બોરસદની કોર્ટમાં વકીલાતનું કાર્ય યુવાન વયે શરુ કરેલ ત્યારબાદ હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ ભારતનાં લોખંડી પુરુષ પ્રથમ નાયબ પ્રધાનમંત્રી સરદાર સાહેબનાં મોટાભાઈ હતા. ૧૯૨૩માં તેઓ કેન્દ્રીય વિધાનસભા માટે ચૂંટાયા તેમજ ૧૯૨૫માં કેન્દ્રીય વિધાનસભાનાં અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તેમનું વૈધાનિક તેમજ સંસદીય બાબતો નો અનુભવ તેમજ જ્ઞાન અનેરું હતું. તેમને અસહકારનાં આંદોલન સહીત અનેક રાષ્ટ્રીય આંદોલનોમાં ભાગ લીધો હતો. ૨૨ ઓક્ટોબર ૧૯૩૩નાં દિવસે તેઓનું દુખદ અવસાન થયું હતું. રાજયના યુવાધનને માહિતી મળે તેમજ તેમના જીવન-કવન પરથી પ્રેરણા મેળવી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા ખુબ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બી.બી.એ નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અભ્યાસક્રમની સાથે સાથે આપણા રાષ્ટ્રીય આગેવાનોને વિદ્યાર્થીઓ ઓળખે રહે છે. તેમજ ભારતનાં વિવિધ આગેવાનો બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરે છે. સમગ્ર કાર્યક્રમ માં બી..બી..એ. કોલેજ નાં કુલ ૭૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિધાનસભાનાં ઉપસચિવ શ્રી પ્રદીપભાઈ મોદીએ વિદ્યાર્થીઓને વૈધાનિક બાબતો તેમજ વિધાનસભા ની કાર્યવાહી બાબતે ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે બી.બી.એ નાં વિદ્યાર્થીઓને પોલીટીકલ સાયન્સ વિષય તરીકે ભણાવવામાં આવે છે. જેથી તેઓને સંસદીય બાબતો તેમજ ભારતનાં બંધારણ બાબતોની સંપૂર્ણ માહિતી મળી શકે. જે તમામ બાબતો સરકારી પરીક્ષામાં તેમજ વિવિધ વૈધાનિક વિભાગોમાં કાર્ય કરતી વખતે તેમને ઉપયોગી સાબિત થશે. સમગ્ર મુલાકાત નું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના

ગાંધીનગર સમાચાર

### કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજના

# વિદ્યાર્થીઓ ઓરેવા ગૃપ, મોરબીની ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષ નાં ૬૩ વિદ્યાર્થીઓએ મોરબી સ્થિત ઔધોગિક વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત ઓરેવા અજંતા ઓરપેટ ગ્રુપ ઓફ ઈંડસ્ટ્રીસ ઈંડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. અજન્ટા કંપની સમગ્ર વિશ્વ માં પોતા ની નામના ધરાવે છે. કંપની ની સ્થાપના ૧૯૭૧ માં જાણીતા ઉધોગપતિ ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ દ્વારા કરવા માં આવી હતી છેલ્લા ૩૫ વર્ષ માં કંપની એ અનેક પ્રગતી નાં સોપાન સર કર્યા છે. જેમાં કંપની નો મુખ્ય ઉદેશ્ય મધ્યમ વર્ગ સુધી સિરામિક તેમજ ઈલેક્ટ્રોનિક સતત કાર્યશીલ રહે છે. હાલ કંપની ૧૫ લાખ સ્કવેર ફૂટ જેટલું વિશાલ ઔધોગિક ગૃહ ધરાવે છે. તેમજ ૬૦૦૦ કર્મચારીઓ અહી કાર્ય કરી રહ્યા છે. જેમાં ૯૦ ટકા કર્મચારી મહિલાઓ છે. જે કંપની ની મહિલા સશકિતકરણ બાબતે ગંભીરતા સૂચવે છે. કંપની દ્વારા સ્ટાફ માટે "રેવા ટાઉનશીપ" નામ થી સ્ટાફ ક્વાટર્સ નું નિર્માણ પણ કરવા માં આવ્યું છે. જ્યાં કર્મચારીઓ ને સુવિધા યુક્ત જીવન જીવી શકે તેમજ કર્મચારીઓ માટે બસની સુવિધા ની વ્યવસ્થા પણ કરવા માં આવી છે. જેથી તેના કર્મચારીઓ સહેલાઈ થી આવી શકે. કંપની ગુણવત્તા બાબતે કોઈ બાંધછોડ કરવા નથી માગતી આથી તેની મશીનરી વર્લ્ડ કલાસ વાપરવા માં આવે છે. જેમાં ઈટાલી પ્રવીણ ભાઈ ભાલોડીયા નાં માર્ગદશન હેઠળ સિરામિક ક્ષેત્રે ભારત નો અગ્રગણ્ય પ્રોજેક્ટ કચ્છ નાં સામખીયારી ખાતે બનાવવા માં આવ્યો છે. જે સમગ્ર રાષ્ટ્ર સ્તરે ઉત્પાદન માં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. હાલ કંપની દ્વારા ઈલેકટ્રોનિક ક્ષેત્રે અનેક પ્રોડક્ટ બનાવવા માં આવી રહી છે. તેમજ સિરામિક ક્ષેત્રે પણ વિકટરીફાઈ ટાઈલ્સ નાં નિર્માણ માં તેનો સિંહ ફાળો ધરાવે છે. આમ વિદ્યાર્થીઓ ને ભારત નાં નામાંકિત ઉધોગ ગૃહ ની મુલાકાત તેમજ તેની ઝીણવટ ભરી માહિતી કંપની નાં પદાધિકારીઓ દ્વારા આપવા માં આવી હતી. કંપની નું વાર્ષિક ટર્ન ઓવર તેના વ્યાવસાઈક વિશાળતા ને સૂચવે છે. અત્રે ઉલ્લેખનીય છે. કે બી.બી.એ કોલેજ નું આયોજન કરેછે. જેમાં પણ આ ઔધોગિક મુલાકાત નો અનુભવ વિવિધ મોડેલ્સ ની રચના તેમજ મેનેજમેન્ટ નાં સિદ્ધાંતો નાં અમલીકરણ માટે યોગ્ય ઉપયોગ કરશે તેમજ તેમાં શ્રેષ્ઠ મોડેલ્સ ને કોલેજ તેમજ સમાજ ની વિવિધ સંસ્થાઓ બીરદાવશે. આમ સંસ્થા નો વિદ્યાર્થીઓ નાં સર્વાંગી વિકાસ માટે નો અભિગમ તેમજ વિદ્યાર્થીઓ ને સફળતા માટે તૈયાર કરવાની તત્પરતા થી વિદ્યાર્થીઓ તેમજ વાલીગણ દ્વારા સંસ્થા નાં પ્રયત્નો ને બિરદાવવા માં આવ્યા છે. સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના, પ્રો. અમિતા પ્રજાપતિ, પ્રો.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સે-૨૩ બી.બી.એ- એમ.બી.એ કોલેજ દ્વારા નવરાત્રી નિમિત્તે ગરબાનો રંગારંગ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) તેમજ એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટનાં સંયુક્ત ઉપક્રમે આદ્યશક્તિ ની ઉપાસના સમા નવરાત્રી પર્વની ઉજવણી કેમ્પસ ખાતે કરવામાં આવી હતી. ચાલુ વર્ષે નવરાત્રીની સાથે સાથે મેઘરાજાની સવારી આવી હોવાથી ખેલૈયા યુવા મિત્રોમાં થોડી નિરાશા વ્યાપી હતી. જે ગઈ કાલે વાતાવરણ અનુકુળ બનતા ખુશીમાં ફેરવાઈ હતી. કેમ્પસનાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે ભારતીય સંસ્કૃતિને જાળવે તેવા હેતુથી ગરબાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને પોતાના ઘરથી દુર છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખુશી વ્યક્ત કરવાનો એક અનેરો પ્રસંગ સાબિત થયો હતો. વિદ્યાર્થીઓ સંગીતનાં તાલે ગરબા ગાઈ ખુશીથી ઝુમી ઉઠયા હતા. વિદ્યાર્થીઓએ તેમજ સંસ્થાનાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા ગરબામાં ઉત્સાહભેર જોડાઈને ખુબ સુંદર પ્રતિસાદ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થા આપણા રાષ્ટ્રીય તહેવારો તેમજ નવરાત્રી, ગણેશ ચતુર્થી જેવા તહેવારોની સંસ્થા ખાતે ઉજવણી કરી. સંસ્થાનાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓમાં પરિવારની ભાવના ઉજાગર થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેને વાલીગણ દ્વારા પણ ખુબ સારો પ્રતિસાદ આપવા માં આવ્યો છે.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન બી.બી.એ કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા ઉપસ્થિત રહી કાર્યક્રમ માટે માર્ગદર્શન તેમજ સહકાર પુરો પાડવામાં આવ્યો હતો.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ મુંદ્રા પોર્ટની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બી.પી. કૉલેજ ઓફ



બિઝનેસ એડમિનીસ્ટ્રેશનનાં સેમેસ્ટર-૬ નાં ૭૪ વિદ્યાર્થીઓએ તા. ૧૦ અને ૧૧ નવેમ્બરના રોજ કચ્છ જીલ્લામાં આવેલ મુન્દ્રા પોર્ટની મુલાકાત લીધી હતી. ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત પહેલા શ્રી પૂરુરાજસિંહ ઝાલા સાહેબે અદાણી ગ્રુપ વિષે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી જેમાં ૧૩૭ સ્કવેર કિલોમીટર સેઝ તેમજ ૯ સ્કવેર કિલોમીટર વેસ્ટ

લીધી હતી ત્યાર બાદ વિદ્યાર્થીઓ અદાણી વિલમાર કંપની દ્વારા અહી અલગ અલગ સન ફ્લાવર, ગ્રાઉંડ નટ ઓઈલ તેમજ સોયાબીન ઓઈલ, વનસ્પતી ઘીનું રીફાઈન થાય છે. અહીં કાચો માલ કયાંથી આવે છે. તેમજ તમામ પ્રોસેસ બાબતે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી ખાધ્ય તેલની સંપૂર્ણ પ્રોસેસ વિદ્યાર્થીઓ ને ખૂબ સુંદર રીતે સમજાવવામાં આવ્યુ હતુ. અહીં આવેલ શાંતિનાથ મહાદેવનાં દર્શનનો મોકો વિદ્યાર્થીઓ ને મળ્યો હતો અને સાંજે સમૂહ આરતીમાં ભાગ લીધો હતો. જે દરેક માટે એક અદભૂત લહાવો હતો. શાંતિ વિહાર માં ચંદ્રકાંત પંડ્યા સાહેબ દ્વારા

પણ હાજર રહ્યા હતા. તેમજ કાર્યકમમાં કંપની તરફ થી શ્રી દિપક આચાર્યા (કો- ઑર્ડિનેટર - ઉડાન પ્રોજેક્ટ) ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સમગ્ર અદાણી ગ્રૂપ ઓફ કંપની બાબતે અત્યંત ઉપયોગી માહિતી ઉંડાણ પૂર્વક આપી હતી. સાંસ્કૃતીક કાર્યક્રમની શરૂઆતમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.બી.એ. કૉલેજ વતી ડૉ. જયેશ તન્નાએ કડી સર્વ વિદ્યાલય વિશે માહિતી આપી હતી. સાંસ્કૃતીક કાર્યક્રમ દરમ્યાન બી.બી.એ. નાં વિદ્યાર્થીઓ આશુતોષ ઝા, વિજય ચૌધરી, વ્યાસ હીરલ, સપના, મીરા ઉપાધ્યાય, અવની, શિવાની, વિશ્વા તેમજ હીના શુકલા

ઉપયોગી માહિતી મળવાથી તેઓ પ્રેક્ટિકલ જ્ઞાનનો ઉપયોગ બિજનેસ સ્થાપવા તેમજ અન્ય વ્યાવસાયિક કૌશલ્યનું સિંચન કરશે. બી.બી.એ. નાં વિદ્યાર્થીઓ દ્વારા બીજા કલ્ચરલ પર્ફોર્મેન્સ જેવા કે સંગીત વાદન, નૃત્ય અને ગરબા ભજવવામાં આવ્યા હતા. સાંસ્કૃતીક કાર્યકમનાં અંતમાં પ્રો. આશિષ ભુવાએ આભાર વિધિ કરી હતી.

ત્યારબાદ બીજા દિવસે સવારે ચંદ્રકાંત પંડયા દ્વારા યોગ, હવા, પાણી, ખોરાક તેમજ લાફિંગનાં ફાયદા સમજાવ્યા હતા. ઔધ્યોગીક મુલાકાતનાં બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડ કે જે ભારત નો પ્રાઈવેટ ઑનર બેઈઝ પ્રથમ અને એશિયાનો બીજા ક્રમે આવતો પાવર પ્લાન્ટ છે કે જે ૪૬૨૦ મેગા વોટ પાવર પ્રોડક્શનની ક્ષમતા ધરાવે છે તેની મુલાકાત લીધી હતી, વિદ્યુત ઉત્પાદન નાં બબ્બે પ્રકાર તેમજ તેના તમામ તબક્કાઓ બાબતે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યુ હતું. આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિનાં હેડ ડૉ જયેશ તન્ના, પ્રો. અમિતા પ્રજાપતિ,

# બીબીએ કોલેજના ૬૮ વિદ્યાર્થીઓ ગાંધીનગરની એમટેક ઈલેકટ્રોનિકસની અભ્યાસ મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષ નાં ૬૯ વિદ્યાર્થીઓએ ગાંધીનગર સ્થિત ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત કંપનીની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.

કંપની દેશ- વિદેશમાં પોતાનો વ્યાપ ધરાવે છે. જેથી મોટા પાયા પર આયાત -નિકાસ કરવા માં સફળતા મળે છે. કંપની દ્વારા મોશન કંટ્રોલ ઈક્વિપમેન્ટનું ઉત્પાદન કરવામાં આવે છે. જેની સમગ્ર ભારતમાં ખુબ મોટા પાયે માંગ રહેલી છે. કંપની તરફથી વિદ્યાર્થીઓને કંપનીની કામગીરીનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે વિદ્યાર્થીઓને પ્રાયોગિક

હાલ ૩૦૦ કર્મચારીઓ કંપનીમાં વિવિધ સેવાઓ આપી રહ્યા છે. કંપની મોશન કંટ્રોલ,ઓટોમોશન,પાવર ક્વાલીટી અને ઈન્ડસટ્રીઅલ ઈલેકટ્રોનિક જેવા ક્ષેત્રમાં કાર્યરત છે. કંપનીની મુખ્ય ઓફીસ ગાંધીનગર ખાતે આવેલ છે. તેમજ તેની શાખાઓ મુંબઈ,ચેન્નાઈ,દિલ્હીમાં આવેલી છે. તેમજ અમેરિકાના એટલાન્ટા શહેરમાં પણ કંપનીની શાખા કાર્યરત છે. કંપની સમગ્ર ભારત સહીત વિદેશમાં પણ કંપની દ્વારા નિકાસ કરવામાં આવે છે. જેમાં ઈન્ડોનેશિયા, જર્મની, શ્રીલંકા, બાંગ્લાદેશ મુખ્ય કહી શકાય તેવા દેશો છે તેમજ કાચા માલની આયાત ભારત સહીત અન્ય દેશમાંથી કરવામાં આવે છે. વધુ માહિતી આપતા તેમણે કંપનીના વિવિધ

પૂછવામાં આવ્યા હતા. જેના સંતોષકારક જવાબ તેમને મળ્યા હતા. મેનેજમેન્ટનાં અભ્યાસક્રમમાં અભ્યાસક્રમની સાથે-સાથે પ્રાયોગિક તાલીમનો અનુભવ ખૂબ આવશ્યક છે. જે હેતુને ફળીભૂત કરવા કોલેજ દ્વારા અભ્યાસક્રમનાં ભાગરૂપે દર સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને રાજ્યમાં આવેલ વિવિધ કંપનીની મુલાકાત માટે લઈ જવામાં આવે છે. માર્કેટિંગ, ફાઈનાન્સ તેમજ એચ.આર. જેવા વિષયો જે વ્યવસાયિક કારકિર્દી માટે ખૂબ મહત્વપૂર્ણ છે. તથા સાંપ્રત સમયમાં ઉદ્યોગ જગતમાં આવા તાલીમ પામેલ વિદ્યાર્થીઓની માગ વધી રહી છે, ત્યારે વિદ્યાર્થીઓ માટે અભ્યાસ સાથે સાથે પ્રેકટીકલ અનુભવ લેવો આવશ્યક બન્યો છે.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક

# બીબીએ કોલેજ દ્વારા ભૂતપૂર્વ તેમજ વર્તમાન વિદ્યાર્થીઓ માટે જોબ પ્લેસમેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સાથે સાથે ઉતીર્ણ થઈ ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે



કોલેજ કેમ્પસ ખાતે જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રી પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુ માટે કુલ ૧૪૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ફ્યુચર ગ્રુપ, યુરેકા ફોર્બ્સ લી., LIC ઓફ ઈન્ડિયા, ફર્સ્ટ સોર્સ સોલ્યુશન લી., પ્રક્ષાલ આઈ ટી ઓફર કરવા માટે પોતાની ટીમ સાથે કોલેજ કેમ્પસમાં ઉપસ્થિત રહી હતી. કંપનીઓ દ્વારા ૧૦,૦૦૦ થી ૧૪,૦૦૦ સુધીના પેકેજની તેમજ તેની સાથે અન્ય લાભ આપવાની ઓફર કરવામાં આવી હતી. કોલેજનાં પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીગ કમિટી નાં હેડ ડો. જયેશ તન્ના દ્વારા તમામ કંપનીઓનાં પ્રતિનિધિઓને આવકારવામાં આવ્યા હતા. તેમજ ભૂતપૂર્વ તેમજ હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવ બાબતે માહિતગાર કર્યા હતા. ફયુચર ગ્રુપ તરફથી મીલીન્દ હોલ, હોમ ટાઉન, ઈ ઝોન, સેન્ટ્રલ મોલ, ફયુચર બાઝાર બાબતે વિસ્તૃત માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપ્યું હતું. તેમજ તેમની કંપનીમાં રહેલ સુવર્ણ અવસર બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. યુરેકા ફોર્બ્સ તરફથી એરિયા એચ.આર. હેડ હિમાંશુ ચતુર્વેદી દ્વારા ઉપસ્થિત રહી સમગ્ર કાર્યવાહી સંભાળી હતી. LIC ઓફ ઈન્ડિયા તરફથી ડેવલોપમેન્ટ ઓફિસર (ગાંધીનગર) મનોજ પાત્રા સાહેબ દ્વારા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વીમા ક્ષેત્રનાં તમામ પાસા સમજાવ્યા ઉપસ્થિત રહ્યા હતા. ૈંઝ ઓફ ઈન્ડિયા માટે ૨૭ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા જેમાંથી ૨૩ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. ફર્સ્ટ સોલ્યુશનમાં ૧૨ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા જેમાંથી ૨ ની પસંદગી થઈ તેમજ ફ્યુચર ગ્રુપમાં ૪૦ વિદ્યાર્થીઓ સામે ૧૩ પસંદગી પામ્યા પ્રક્ષાલ આઈ.ટી. સોલ્યુશનમાં ૮ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા જેમાંથી ૪ ની પસંદગી થઈ આમ કુલ ૧૪૮ વિદ્યાર્થીઓ જોબ ફેરમાં પ્રિ-પ્લેસમેન્ટ માં હાજર રહ્યા હતા અને ૮૨ વિદ્યાર્થીઓએ અલગ અલગ કંપનીમાં ઈન્ટરવ્યું આપ્યા હતા જેમાંથી ૪૨ ને પસંદ કરવામાં આવ્યા હતા. આ જોબ ફેરનાં છેલ્લા પડાવમાં કંપનીનાં પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓનાં શિસ્ત, કોર્પોરેટ વેલ્યુ તેમજ જોબ ફેરનાં સમગ્ર આયોજન માટે વિદ્યાર્થીઓ તેમજ કોલેજને અભિનંદન પાઠવ્યા હતા.

સમગ્ર પ્લેસમેન્ટનું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના તેમજ પ્રો.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજના ૬૩ વિદ્યાર્થીઓ ખાતે આવેલ શ્રીજી ઈંડસ્ટ્રીસ તેમજ કોલ્ડ સ્ટોરેજ ની ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના તૃતીય વર્ષના ૬૩ વિદ્યાર્થીઓએ પ્રતિષ્ઠિત શ્રીજી ઈંડસ્ટ્રીની મુલાકાત લીધી હતી.

કંપની તરફ થી પ્રેમજીભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને સમગ્ર પ્લાન્ટ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

પ્લાન્ટમાં ડુંગળી, બટાટાંથી લઈ સફરજન સહીતનાં અનેક ઉત્પાદનો સાચવવાની અલગ અલગ વ્યવસ્થા રાખવા માં આવેલી છે. જેથી ખેડૂતો દ્વારા મહા મહેનતે પ્રોડક્ટ્સ વ્યાજબી ભાવે તેમજ સારી ગુણવત્તા સાથે પહોંચી શકે. જેથી દેશની અર્થ વ્યવસ્થા ઉપર તેની ખુબ મોટી અસર પડે તેમજ ફુગાવા જેવા પ્રશ્નો અને તેનાથી મોંઘવારી જેવી સમસ્યાઓ પર કાબુ મેળવવામાં ઉપયોગી સાબિત થાય. આ કારણે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી શકે અને સરવાળે ઉત્પાદક તેમજ ગ્રાહક વચ્ચે નો ગેપ ઓછો થાય.

વિદ્યાર્થીઓએ નોંધ્યું કે અહીં કેળાં પકવવા માટે પણ વ્યવસ્થા હતી. જેનો ઉપયોગ કરીને કેમિકલ્સ અને ગેસના ઉપયોગ વગર ફળો પકવવામાં આવે છે. ઉપરાંત, વટાણા, તુવેર, ફ્રેંચ ફ્રાઈસ, બર્ગર વગેરેનાં સ્ટોરેજ છે. કેલ્શિયમ પાવડર તેમજ એચ. પી. પાવડર બાબતે પણ તેના ઉત્પાદન અને તેમાં ઉપયોગમાં લેવામાં આવતા પદાર્થો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ અહીં ઉપયોગમાં લેવાયેલા પાણી તેમજ અન્ય પદાર્થોમાંથી જે વેસ્ટ ગયું છે. તેને પણ રીસાયકલીંગ થી ઉપયોગ માટે ની આખી વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી પ્રદૂષણના પ્રશ્નો પણ હલ થાય તેમજ કુદરતી સ્ત્રોતનો સદ ઉપયોગ થઈ શકે.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના

 ગાંધીનગર સમાચાર

# બીબીએના વિદ્યાર્થીઓની અરવિંદ સાધના કેન્દ્ર ખાતે વિચારગોષ્ઠિ

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશનનાં ૯૦ વિદ્યાર્થીઓની સાતત્ય પૂર્ણ દરેક સેમેસ્ટરમાં આયોજિત થતા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતેના અધ્યાત્મ યુવાઓ ની દ્રષ્ટિએ અને શ્રી અરવિંદ તેમજ શ્રી માતાજી ના વિચારો માટે સુંદર વિચાર ગોષ્ઠિનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ક્ષેત્રની તેમજ અભ્યાસક્રમની સાથે તેમનામાં રાષ્ટ્ર ભાવના જાગૃત થાય ભારતના મહાપુરુષો ને જાણે, તેમની ઓળખ, તેમને જીલેલા પડકારો ની માહિતી મેળવી ને કરે તેવા ઉદેશ્ય સાથે આ કાર્યક્રમ નું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં પ્રથમ, દ્વિતીય તેમજ તૃતીય વર્ષના ૯૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને એક દિવસીય મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. જેમાંથી ૨૨ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો જેવા



કે જીવન જીવવાની કળા, આદર્શ બાળક, ઓરોવીલ્લ, શ્રી અરવિંદ, શ્રી માતાજી તેમજ શિક્ષણ વ્યવવસ્થા બાબતે શ્રી અરવિંદ તેમજ શ્રી માતાજીના વિચારો જેવા વિષયો પર પોતાના વક્તવ્ય આપ્યા હતા. જેમાં પ્રસિદ્ધ લેખિકા ડો. જ્યોતિબેન થાનકી લિખિત પુસ્તકોનો વિદ્યાર્થીઓએ ઉપયોગ કર્યો હતો. શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફ થી ડો.સી.જે. તન્ના તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને આ મહાનવિભૂતિઓ વિષે જાણવા માટેનો આ અનેરો અવસર મળ્યો હતો. જેમાં શ્રી અરવિંદના જીવન ચરિત્રની વાતો સાંભળી વિદ્યાર્થીઓમાં તેમને પ્રત્યે ખુબ અહોભાવ જોવા મળ્યો હતો. એક વ્યક્તિ કવિ, યોગી, સ્વતંત્ર સેનાની, લેખક, અધ્યાત્મિક ગુરુ અને અધ્યાપક તેમજ રાજકીય ક્ષેત્રે પોતાનું યોગદાન કેવી રીતે આપી શકે તે શ્રી અરવિંદને મહાન વિભૂતિ માનવા માટે પુરતી હોય તેમ લાગે છે. જે વિદ્યાર્થીઓએ વકતવ્ય આપ્યા તે સૌ ને શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફ થી પ્રશસ્તિ પત્ર સહીત કીટ આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી કરવામાં આવી હતી. જેમાં ડો.સી.જે. તન્નાએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તર આપ્યા હત. કોલેજ તરફ થી ડો. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમ બાબતે તાલીમ આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને શિસ્ત, સમર્પણ, સેવા, સાદગી, સદભાવના જેવી બાબતો ની શીખ આપી હતી. આચાર્ય. ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર નો સંસ્થા વતી અભાર માન્યો હતો. તેમજ વિદ્યાર્થીઓને સમગ્ર મુલાકાત બાદ અહી મેળવેલ જ્ઞાન ને સમજ સુધી ફેલાવવા જણાવ્યું હતું. ૨૦ વિદ્યાર્થીઓની શ્રમદાન શિબિર માટે પણ અત્રે પસંદગી કરવામાં આવી હતી. જે સ્વચ્છતા અભિયાનમાં યુવાઓના યોગદાન બાબતે કાર્ય કરશે. તેમજ અન્ય અનેક વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસ માટેના સૂચનો આવ્યા હતા. જેને કોલેજ દ્વારા આગામી દિવસોમાં અમલમાં મુકવામાં આવશે.

# નોટબંધીથી અર્થતંત્રમાં આવનારા ફેરફાર બાબતે વર્કશોપ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના તૃતીય વર્ષનાં તેમજ દ્વિતીય વર્ષનાં ૨૩૩ વિદ્યાર્થીઓ ઉપરોક્ત સાંપ્રત સમય માં ખુબ ચર્ચાની એરણે ચડેલ મુદ્દા બાબતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનોજ પાત્રા સાહેબ ડેવલોપમેન્ટ ઓફિસર એલ.આઈ.સી ઈન્ડિયા દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તાને આવકારવામાં આવ્યા હતા તેમજ તેમનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રો. માર્ગી દેસાઈ તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા દ્વારા કરવામાં આવ્યું હતું. મનોજ પાત્રા દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય અર્થતંત્ર તેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ભૂમિકા તેમજ CRR.CLR, RRR સહીતનાં અનેક મુદ્દાઓ પર તાલ સ્પર્શી માહિતી આપવામાં આવી હતી. બેંક પાસેથી રિઝર્વ કઈ રીતે નાણા લે છે. તેમજ બેંકોને કઈ રીતે ધિરાણ આપે છે. તે બાબતે પણ ખુબ ઊંડાણ પૂર્વક વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. અન્ય દેશની આર્થિક વ્યવસ્થાઓની સરખામણી ભારતીય અર્થતંત્ર સાથે કરી ઉદાહરણ આપી વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. એફ ડી આઈ જી એસ ટી તેમજ અન્ય નીતિઓથી પડનારી અસરો તેમજ નોટ બંધીથી આવનાર હકારાત્મક ફેરફારો બાબતે વિદ્યાર્થીઓને ઊંડાણ પૂર્વક માર્ગદર્શન આપ્યું હતું અને ટૂંકા ગાળાની નાની તકલીફોને અવગણી લાંબા ગાળાનાં હિત માટે સજજ થવા આહવાન કર્યું હતું.






સમગ્ર વર્કશોપ વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે તેમ વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાયમાં જણાવ્યું હતું. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને અર્થતંત્ર સાથે સીધો સબંધ છે આથી આ મહત્વપૂર્ણ નિર્ણયને યોગ્ય રીતે સમજી તેના અમલીકરણમાં મદદરૂપ થઈ શકે તેમ તેમણે જણાવ્યું હતું.

સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. પ્રજ્ઞેશ નવલખા, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર બીબીએ કોલેજના યજમાન પદે

# ‘આઈના’ અંતર્ગત મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ અફલાતૂન મૉડેલ તૈયાર કર્યાં








ગાંધીનગરના સે-૨ ૩માં બીબીએ કોલેજના યજમાન પદે ત્રિદિવસીય આઈના-મેગ્નેટ એન્ટપ્રિન્યોર ફિએસ્ટા કાર્યક્રમ વિદ્યાર્થીઓ, મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. મેગ્નેટ અંતર્ગત મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયે મોડેલ તૈયાર કર્યા હતા, જે ખૂબ વખણાયાં હતાં. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ વધતા જતા શહેરીકરણને અટકાવવા ગ્રામ્ય સંસ્કૃતિમાં જ યોગ્ય માળખાકીય સુવિધાઓ ઊભી કરવા બાબત, નોટબંધીના માહોલના પગલે ઈ-કોમર્સ તથા ઈ ટ્રાન્ઝેક્શનનો વ્યાપ વધે તે હેતુથી તેની જાગૃતિ માટે તથા કોઈપણ ઉત્પાદન માટે કાચા માલથી માંડીને ગ્રાહક સુધી પહોંચતી ઉપભોગ્ય વસ્તુ સુધીના તમામ પાસાઓને આવરી લેતાં અદ્‌ભૂત મોડેલ તૈયાર કર્યાં હતાં.






ગાંધીનગરના સે-૨૩માં બીબીએ કોલેજના યજમાન પદે ત્રિદિવસીય આઈના-મેગ્નેટ એન્ટપ્રિન્યોર ફિએસ્ટા કાર્યક્રમ યોજાયો છે. આ કાર્યક્રમમાં યોજાયેલ એન્ટરપ્રિન્યોર ફિએસ્ટા અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ ફુડ ફેસ્ટિવલમાં ખાણીપીણીની વિવિધ નાસ્તાની વાનગીના સ્ટોલ્સ યોજી વિદ્યાર્થીઓ વ્યવસાયનો જાત અનુભવ કેળવી રહ્યાં છે. આ ફુડ ફેસ્ટિવલનું ઉદઘાટન શહેરની પ્રતિષ્ઠિત હોટેલ 'પ્રેસિડેન્ટ'ના માલિક હરેન્દ્રસિંહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન તથા આર.જી. કન્યા શાળાના આચાર્યા સુધાબેન પટેલ સહિત કડી સંકુલના અગ્રણીઓ તથા બીબીએ કોલેજના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ માટે

# આધ્યાત્મિકતા-ધ્યાન સાધના માટે માર્ગદર્શન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૬

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશનનાં (બીબીએ) કૉલેજનાં ૧૧૬ વિદ્યાર્થીઓ ની માટે શ્રી રામચંદ્ર આશ્રમ ખાતે એકદિવસીય ધ્યાન માર્ગદર્શક શિબિર યોજાઈ. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે ધ્યાન માટે તાલીમ મેળવે તેમજ તેનાથી અભ્યાસમાં સારો દેખાવ કરી શકે તે માટે સમગ્ર તાલીમ શિબિરનું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને જીજ્ઞેશભાઈ શેલત દ્વારા ધ્યાન માટેની તાલીમ આપવામાં આવી રામચંદ્ર મિશન કાર્યરત છે. તેમજ ભારતમાં ૧૪૦૦ આશ્રમો થકી યુવાનોને તાલીમ આપવાનું ઉમદા કાર્ય થઈ રહ્યું છે. સમગ્ર દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓને ધ્યાન સહીત અધ્યાત્મ તેમજ પરમ તત્વ બાબતે સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ વિદ્યાર્થીઓને ગ્રુપમાં વંહેચી ગ્રુપ ડિસ્કશન પણ કરાવવામાં આવ્યું હતું. જેમાં તેમને ખુબ જ્ઞાન સાથે ગમ્મત થઈ હતી. જીજ્ઞેશભાઈ દ્વારા ભારત સરકારના રેલવે વિભાગમાં ૨૨ વર્ષ સુધી સેવારત રહ્યા બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા બાદ આ ઉમદા કાર્યમાં જોડાયા હતા. છેલ્લા ઘણા વર્ષોથી તેઓ રામકૃષ્ણ મિશન આવ્યો હતો. અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો. આમ સમગ્ર શિબિર વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થઈ હતી. આજ ના ખુબ ઝડપી યુગમાં મનની શાંતિ તેમજ માનસિક વિકાસ ખુબ જરૂરીછે. જેના માટે કોલેજ દ્વારા સમગ્ર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે અલ્પાહાર તેમજ બપોરે સાત્વિક ભોજનની વ્યવસ્થા પણ આશ્રમ ખાતે કરવા માં આવી હતી. આશ્રમના કુદરતી સૌન્દર્યથી ભરપુર વાતાવરણમાં વિદ્યાર્થીઓએ સમગ્ર શિબિરને ખુબ આનંદ પૂર્વક માણી હતી. સમગ્ર

# સુખ-સુવિધા અને અધ્યાત્મનું સંતુલન એટલે સફળ જીવન

## બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે સ્વામીનારાયણ ધામ ખાતે મૂર્તિ સ્વામીનું માર્ગદર્શન

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશનનાં (બીબીએ) કૉલેજનાં ૧૧૩ વિદ્યાર્થીઓ માટે સ્વામીનારાયણ ધામ ખાતે એકદિવસીય ધ્યાન માર્ગદર્શક શિબિર યોજાઈ હતી. વિદ્યાર્થીઓ જ્યારે મંદિર પરિસરમાં પહોંચ્યા ત્યારે હરિભક્ત વિદ્યાર્થીઓ દ્વારા તમામનું ભારતીય સંસ્કૃતિ મુજબ ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે ધર્મ તેમજ ભારતીય સંસ્કૃતિને સમજે તેમજ તેના થકી પોતાના જીવનનું યોગ્ય ઘડતર કરે તેવા હેતુથી કોલેજ દ્વારા યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને સમગ્ર મુલાકાત દરમ્યાન સ્વામીનારાયણ સંપ્રદાય તેમજ સંસ્થા દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓની માહિતી આપવામાં આવી હતી. ધાર્મિક, સામાજિક તેમજ સ્વાસ્થ્ય અને શૈક્ષણિક બાબતોમાં ચાલી રહેલ કાર્યનો આછેરો ખ્યાલ તેમને આપવામાં આવ્યો હતો. તેમજ સંત મૂર્તિ સ્વામી દ્વારા વિદ્યાર્થીઓને યુવાનીમાં સમાજ, રાષ્ટ્ર તેમજ પરિવાર માટે એક વ્યક્તિ તરીકેની ફરજોનું માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓને આધ્યાત્મિક જીવન તેમજ ભૌતિક



સુખ સુવિધાઓ સાથેના સંસારિક જીવન વચ્ચે તાદાત્મ્ય કેળવવા માટે જણાવ્યું હતું. તેમણે વ્યક્તિના જીવનમાં અનેક ગણું ભૌતિક સાધન સંપન્નતા હશે તો પણ તેના જીવનમાં શાંતિ અને માનસિક વિકાસ માટે આધ્યાત્મિકતા જરૂરી હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ અહીં પ્રદર્શન નિહાળ્યું હતું. જેમાં વિજ્ઞાન તેમજ મેનેજમેન્ટનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવે છે તે પણ વિદ્યાર્થીઓને શીખવા મળ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે સંસ્થાના મેદાનમાં રમત-ગમત નું આયોજન પણ થયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર મુલાકાતને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. આશિષ ભુવા તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.

ગાંધીનગર સમાચાર

# અરવિંદ કેન્દ્ર ખાતે સ્વચ્છતા માટે વિદ્યાર્થીઓનું શ્રમદાન



ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બ ા ી જ - ા ે ર ા એડમીનીસ્ટ્રેશન(બીબીએ) દ્વારા સ્વચ્છતા દિવસની ઉજવણી કરી અનુકરણીય ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. કોલેજના પ્રથમ વર્ષના ૪૬ વિદ્યાર્થીઓ દ્વારા આજે ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલ શ્રી અરવિંદ સાધના કેન્દ્રની સફાઈ માટે અભિયાન ચલાવ્યુ હતું.

કોલેજ તરફથી ડૉ. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ પણ સફાઈ કાર્યમાં જોડાયા હતા. તેમજ તેમણે સમગ્ર કાર્યવાહીનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓમાં તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા અને ''સ્વચ્છ ભારત શ્રેષ્ઠ ભારત'' બનાવવા બીબીએના તમામ વિદ્યાર્થીઓને આચાર્ય રમાકાન્ત પ્રસ્ટી તેમજ ડૉ. જયેશ તન્નાએ સંકલ્પ લેવડાવ્યો હતો. તેઓએ દરેક વર્ગખંડમાં જઈ વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું.

આ પ્રસંગે શ્રી અરવિંદ સાધના કેન્દ્રના સંચાલક ડો. સી.કે. તન્નાએ સ્વચ્છતાના ફાયદા જણાવતા કહ્યું હતું કે આરોગ્યના પ્રશ્નોમાં પણ સ્વચ્છતા ખૂબ મહત્વ ભાગ ભજવે છે. તેમણે વિદેશોમાં ભારતની છબી સ્વચ્છતા બાબતે ધ્રુમિલ હોવાથી તેને સહિયારા પ્રયત્નોથી સુધારવા હાંકલ કરી હતી.

ગાંધીનગર સમાચાર તા. ૧૭-૧-૨૦૧૭, મંગળવાર

બીબીએ કૉલેજ દ્વારા

# બે મહાનુભાવોના જીવન ચરિત્ર અંગે વ્યાખ્યાનનું આયોજન થયું



## સ્વામી વિવેકાનંદ તથા સ્વ માણેકલાલ પટેલનાં જીવન ચરિત્ર કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યાં

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજ દ્વારા એક ગુજરાતના પનોતા પુત્ર તેમજ એક ભારતરત્ન બંનેના સહિયારા પ્રસંગને સાંકળી તેઓના જીવનચરિત્ર ઉપર વર્કશોપનું આયોજન કર્યું હતું. આવ્યું. ડો.જયેશ તન્ના દ્વારા સ્વ માણેકલાલ સાહેબના જીવન ચરીત્રમાંથી યુવાનોને પ્રેરણા મળે તે હેતુથી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને તમામ માહિતી આપવામાં આવી હતી. તેમણે સ્વ. માણેકલાલ પટેલના જીવન ચરીત્રનાં અનેક પાસાઓ જેવાકે શિક્ષણવિદ, સફળ ઉધોગપતિ, દૂરંદેશી નેતૃત્વ, ઉમદા કાર્યશેલી જવાબદારીઓ, સમાજ માટે દાતા તરીકેની તત્પરતા જેવા અનેક ગુણોની તલસ્પર્શી ચર્ચા કરી તમામ વિદ્યાર્થીઓને પોતાનું જીવન ઘડતર કેવી રીતે કરી શકાય તે બાબતે માર્ગદર્શન આપ્યુ.

ધર્મેન્દ્ર રાઠોડે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું તેમજ વર્કશોપ સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ, ટ્રેનીંગ-

તા. ૨૬-૨-૨૦૧૭, રવિવાર ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓએ વિધાનસભાની કાર્યવાહી નિહાળી




ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના ૯૫ વિદ્યાર્થીઓ ગુજરાત વિધાનસભાની જીવંત કાર્યવાહી નિહાળવા માટેના કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. પ્રશ્નોત્તરી કાળની કાર્યવાહી જોયા બાદ વિદ્યાર્થીઓએ તેમનો અભિપ્રાય આપતા જણાવ્યું હતું કે આ આખોયે પ્રસંગ તેઓના માટે અવિસ્મરણીય અનુભવ બની રહ્યો જેને તેઓ ક્યારેય નહિ ભૂલી શકે. વિદ્યાર્થીઓ દ્વારા ઈન્દુલાલ યાજ્ઞીક ને પુષ્પાંજલિ અર્પ્યા પછી તેઓ એ વિધાનસભા માં આવેલ પ્રદર્શન નિહાળ્યું હતું. જેમાં ભારતના અનેક મહાનુભાવો વિષે તેમને ઊંડાણ પૂર્વક માહિતી મેળવી હતી. ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને સ્વ ઈન્દુચાચા ના જીવન ચરિત્ર વિષે માર્ગદર્શન આપવા માં આવ્યું હતું.

ગાંધીનગર સમાચાર તા. ૨૪-૨-૨૦૧૭, શુક્રવાર ૭




**ગાંધીનગરના વિદ્યાર્થીઓની રણોત્સવ ખાતે ઈન્ટર્નશીપ**

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીબીએના ૧૦ વિદ્યાર્થીઓની કચ્છમાં ચાલી રહેલા રણોત્સવમાં ઈન્ટર્નશીપ તાલીમ માટે પસંદગી કરાઈ છે. રણોત્સવમાં ૧ માસની તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓ સારી રીતે મેનેજમેન્ટ સ્કીલ ડેવલપ કરી શકશે. હાલ આ વિદ્યાર્થીઓ ધોરડો ખાતે તાલીમ મેળવી રહ્યાં છે. રણોત્સવ ખાતે ઈન્ટર્નશીપ મેળવવા વિદ્યાર્થીઓની ત્રણ અલગ અલગ ધોરણો અનુસાર તબક્કાવાર પસંદગી પ્રક્રિયા યોજાઈ હતી. આ ઈન્ટર્નશીપ અંગે કચ્છ ખાતેના વ્હાઈટ રણ રિસોર્ટના મેનેજર દિલીપ સિન્હાએ જણાવ્યું હતું કે ગાંધીનગરની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓમાં ઊંડી વ્યવસાયિક સુઝ હોવાથી ઈન્ટર્નશીપમાં સારું પરફોર્મન્સ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓએ પણ ઈન્ટર્નશીપ તાલીમ અંગે સંતોષ વ્યકત કર્યો છે. ઈન્ટર્નશીપમાં સફળતા પ્રાપ્ત કરવા માટે કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ તથા પ્લેસમેન્ટ ટ્રેનિંક કમિટિના હેડ ડૉ.જયેશ તન્નાએ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરમાં કડી કેમ્પસ ખાતે પ્રથમ વખત મોક પાર્લામેન્ટ

## મોક-પાર્લામેન્ટમાં મહિલા અનામત ખરડો તેમજ રાજય લોકસભા-વિધાનસભાની ચુંટણી એક સાથે યોજવાના ખરડા પસાર

ગાંધીનગર, તા.૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીપીસીએ) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહી પરંપરા તેમજ વૈધાનિક બાબતોને શીખવવાના અનોખો પ્રયોગના ભાગરૂપે આજે કોલેજના કુલ ૬૨ વિદ્યાર્થીઓએ મોક પાર્લામેન્ટમાં ભાગ લીધો હતો. તમામ વિદ્યાર્થીઓએ આ પાર્લામેન્ટમાં ફક્ત ભાગ નહીંતો લીધો પણ તેને જીવંત બનાવી દીધી હતી. આ સમગ્ર કાર્યક્રમ માટે યુનીવર્સીટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આજની પાર્લામેન્ટ કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનીવર્સીટીના ડાયરેક્ટર પી.ટી. કાપડિયા દ્વારા આજની મોક પાર્લામેન્ટને ખુલ્લી મુકવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને મોક પાર્લામેન્ટના સમગ્ર સત્ર દરમ્યાન બંધારણની બાબતોને વધુમાં વધુ જાણવા માટે અનુરોધ કર્યો હતો.

ગુજરાત સરકારના પ્રોટોકોલ વિભાગના ડીવાયએસઓ નિકોલ્સન તેમજ વિધાનસભાના અધિકારીઓ દ્વારા પણ વિદ્યાર્થીઓને વિધાનસભા મુલાકાત બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ દેશ હિતને સ્પર્શતા તમામ મુદ્દાઓનો સમાવેશ આ મોક પાર્લામેન્ટ માં કર્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નકાળ દરમ્યાન સરકારના વિભિન્ન વિભાગોને લગતા કુલ ૨૪ પ્રશ્નો ચર્ચ્યા હતા. અને તેના સમાધાન માટે કોશિશ કરી હતી. સરકાર કર ના શિક્ષણ, પર્યટન, કૃષિ, ગૃહ, વિદેશ સહીત તમામ પ્રશ્નો પુછ્યા વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવ્યા હતા. તેમજ આ પ્રશ્નોનું નિરાકરણ કઈ રીતે થઈ શકે તે માટે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સુચન કરવામાં આવ્યા હતા.



ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા આજે બે ખરડા મોક પાર્લામેન્ટમાં પસાર કરવા માં આવ્યા હતા. જેમાં મહિલા અનામત બીલ તેમજ લોકસભા તેમજ વિધાનસભાની ચુંટણી એક સાથે થાય તે માટેનો ખરડો પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ મોક વિધાનસભામાં શિક્ષણ, મેટ્રો-બુલેટ ટ્રેન, પ્રવાસન ક્ષેત્ર, નર્મદા સિંચાઈ યોજના, વિદેશ નીતિ, સિંધુ જળ સમજુતી, કાશ્મીર સમસ્યા, વિજળીની સમસ્યા, રસ્તાઓની સમસ્યા, પરિવહનની સમસ્યા, સ્વાસ્થ્ય, સંચાર વ્યવસ્થા, રોજગારી, આર્થિક ક્ષેત્રને સ્પર્શતા તેમજ આતંકવાદ સહિત અનેક પ્રશ્નો યુવાનો દ્વારા ચર્ચાયા હતા. તેની વ્યાસ દ્વારા અધ્યક્ષની ભૂમિકા ભજવવામાં આવી હતી. ઉપાધ્યક્ષ તરીકે કાજલ ચૌધરીએ ભૂમિકા ભજવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના, ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો. આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.